# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

**Year :** 04, **Issue :** 55, Dt. 02-07-2026 (THURSDAY) Rs. 02/- **Page :** 27, RNI No. GUJGUJ/2023/84789




તસવીરઃ અક્ષય ગોંડલિયા

## ગુજરાતમાં એક સાથે 5 વેધર સિસ્ટમ સક્રિય

# સૌરાષ્ટ્રમાં વરસાદનું રેડ એલર્ટ!

■ 44 તાલુકામાં વરસાદ દ્વારકામાં હાઈ એલર્ટ

■ માંગરોળમાં 15 ઈંચ; માળીયામાં 12 ઈંચ, રાજકોટમાં અડધો ઈંચ



રાજકોટ



ગોંડલ



માંગરોળ

### ગુજરાતનો વરસાદ

| તાલુકો | વરસાદ (ઈંચ) |
|---|---|
| માંગરોળ | 7.28 |
| સુત્રાપાડા | 4.84 |
| માળીયા હાટીના | 4.37 |
| કેશોદ | 4.37 |
| પાટણ-વેરાવળ | 3.31 |
| વંથલી | 3.07 |
| સિનોર | 2.87 |
| માણાવદર | 2.36 |
| કોડીનાર | 2.36 |
| ઓલપાડ | 2.28 |
| હાંસોટ | 2.20 |
| વાલિયા | 1.93 |
| તાલાલા | 1.85 |
| લોધીકા | 1.42 |
| વાગરા | 1.42 |
| જૂનાગઢ | 1.18 |
| જૂનાગઢ શહેર | 1.18 |
| બોટાદ | 1.06 |
| ડેડીયાપાડા | 1.02 |
| ઉમરગામ | 0.98 |


## રાજકોટ જિલ્લામાં NDRFની ટીમનો પડાવ : 25 જવાનોની પ્લાટુનને ઉપલેટા મોકલાઈ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાતમાં જુલાઈની શરૂઆતથી જ મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી રહી છે. સતત બીજા દિવસે સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આજે રાજ્યના ૮૫થી વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં જૂનાગઢના માંગરોળમાં છેલ્લી ચાર કલાકમાં જ સાડા સાત ઈંચથી જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. વેરાવળમાં પણ ધોધમાર વરસાદથી નીચાળવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે શિવ મંદિરમાં પાણી ઘૂસ્યા છે. બીજી તરફ સુરતના ડીંડોલી વિસ્તારમાં લગભગ ૪૦ મીટર રોડ બેસી ગયો હતો, જેમાં વાહનો ફસાયા. હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતમાં એકસાથે ૫ વેધર સિસ્ટમ સક્રિય થવાના કારણે આગામી દિવસોમાં રાજ્યભરમાં અત્યંત ભારેથી અતિભારે વરસાદ ખાબકવાની આશંકા છે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ, અમરેલી, વડોદરા અને નર્મદા સહિતના જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ તથા દ્વારકા, જામનગર અને આણંદ પંથકમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

### વરસાદે પોલ ખોલી
## ભાવનગર સોમનાથ હાઈવે ફાટ્યો


ચોમાસાના પ્રથમ વરસાદે જ અમરેલી જિલ્લામાં સરકારી વિકાસકામો અને હાઈવે નિર્માણની ગુણવત્તાના લીરેલીરા ઉડાડી દીધા છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર આવેલા રાજુલા નજીકના ચારનાળા બ્રિજ પર સીસી રોડમાં મોટી તિરાડો પડી જતાં વાહનચાલકોની સુરક્ષા સામે મોટો સવાલ ઊભો થયો છે.



## મુંબઈ ડૂબ્યું : દરિયાથી દૂર રહેવાની ચેતવણી

મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢમાં રેડ એલર્ટ છે. મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૨mm વરસાદ થયો. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ ગુરુવારે બપોરે સમુદ્રમાં લગભગ ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળવાની ચેતવણી આપી છે. સમુદ્રથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.






### 12 ચેરમેનો ગાયબ : ચેમ્બરો ખાલી પણ AC લાઈટ–પંખા ચાલુ હતા

# RMCમાં નિમણૂંકના ચોથા દિવસે જ 15માંથી 12 ચેરમેન 'કામ-ધંધે'!

























**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં પદાધિકારીઓ અને અધિકારીઓની બેદરકારીના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે, પરંતુ તાજેતરમાં જ નિમાયેલા સમિતિના ચેરમેનોએ તો હજી શરૂઆતમાં જ પોતાની જવાબદારીઓ પ્રત્યે ઉદાસીનતા દાખવવાનું શરૂ કરી દીધું છે. સોમવારે જ મહાનગરપાલિકાની વિવિધ ૧૫ સમિતિઓના ચેરમેનોની સત્તાવાર રીતે નિમણૂંક કરવામાં આવી હતી. આ નિમણૂંકને હજી માત્ર ચાર દિવસ જ થયા છે, ત્યાં આજે જ ભારે આશ્ચર્ય અને આઘાતજનક ચિત્ર સામે આવ્યું છે. ૧૫ સમિતિઓમાંથી ગુરુવારે માત્ર ૩ જ સમિતિના ચેરમેન પોતાની ચેમ્બરમાં હાજર જોવા મળ્યા હતા, તો અન્ય ૧૨ સમિતિના ચેરમેનો ગેરહાજર જણાતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં સરકારી કચેરીઓ અને સંસ્થાઓમાં કરકસર કરવા તેમજ વીજળીનો બગાડ અટકાવવાની અપીલ કરવામાં આવી છે, ત્યારે રાજકોટ મનપાના નવનિયુક્ત ચેરમેનો વડાપ્રધાનની આ કરકસરની અપીલના સરેઆમ ધજાગરા ઉડાડતા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.




## RMCના બોર્ડમાં ભૂલ; 'ચેરમેન'ને બદલે 'ચરમેન' લખાયું

રાજકોટ મહાનગરપાલિકાની લાઈટિંગ સમિતિના બોર્ડમાં શબ્દ 'ચેરમેન'ની જગ્યાએ 'ચરમેન' લખાતા તંત્રની બેદરકારી સામે આવી છે. સામાન્ય સ્પેલિંગની ભૂલ પણ સુધારવામાં ન આવતા મનપાની કામગીરી અને ચકાસણી પ્રક્રિયા સામે સવાલો ઊભા થયા છે. આ ભૂલને તાત્કાલિક સુધારી જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

## સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પીપળિયા લાલઘૂમ

આ સમગ્ર ઘટનાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ ગંભીરતાથી નોંધ લીધી છે. તેમણે આ અંગે જણાવ્યું હતું કે, જ્યારે તમામ ચેરમેનોની નિમણૂંક કરવામાં આવી હતી, ત્યારે જ મેયર અને શહેર ભાજપ પ્રમુખ માધવભાઈની હાજરીમાં એક સંકલનની બેઠક યોજવામાં આવી હતી. જેમાં આ તમામ નવનિયુક્ત ચેરમેનોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે તેમણે પોતાની ચેમ્બરમાં વધુમાં વધુ સમય હાજર રહેવું, જેથી મનપા ખાતે પોતાના કામ અર્થે આવતા અરજદારોને મુશ્કેલી ન પડે અને તેમને ચેરમેનોની સેવાનો સીધો લાભ મળી શકે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આજે આપના માધ્યમથી ચેરમેનોની ગેરહાજરી અને વીજ ઉપકરણો પણ ચાલુ હોવાની બાબત તેમના ધ્યાને આવી છે. આ બેદરકારીને બિલકુલ ચલાવી લેવામાં નહીં આવે. તેઓ ફરીથી તમામ સમિતિના ચેરમેનોને કડક આદેશ કરશે કે તેઓ નિયમિત અને સમયસર પોતાની ચેમ્બરમાં હાજર રહે. આ સાથે જ તેમણે વીજળીના બગાડ અંગે પણ નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે, જ્યારે ચેરમેન કે અન્ય કોઈ વ્યક્તિ ચેમ્બરમાં હાજર ન હોય ત્યારે તમામ લાઈટ, પંખા અને એસી જેવા વીજ ઉપકરણો ફરજિયાત બંધ રાખવાના રહેશે. ઉલ્લેખનીય છે કે, પરેશ પીપળીયાએ પોતાના વિશે દાવો કરતા કહ્યું હતું કે, તેઓ પોતે જ્યારે પણ ચેમ્બરમાં હાજર નથી હોતા ત્યારે તેમની ચેમ્બરના તમામ વીજ ઉપકરણો બંધ રાખવામાં આવે છે.

## ભાજપ નેતાઓએ દબાવેલી 37 વિઘા સરકારી અને ગૌચર જમીન મૂક્ત કરાઈ

# સિટી ન્યૂઝે 16 જૂલાઈ 2024માં કહ્યું હતું ભાજપ નેતાઓએ લોધિકામાં ગૌચરની જમીન પચાવી પાડી હતી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લા ભાજપમાં ચાલતો આંતરિક જૂથવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે, જેના કારણે એક મોટું જમીન કૌભાંડ સપાટી પર આવ્યું છે. રાજકોટના લોધિકા તાલુકામાં ભાજપના જ દિગ્ગજ નેતાઓ દ્વારા સરકારી અને ગૌચર જમીન પચાવી પાડવાનું કરોડોનું કૌભાંડ ઉજાગર થતાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ મામલે રાજકોટ જિલ્લા કલેક્ટરે કડક વલણ અપનાવીને ભાજપના નેતાઓના આ જમીન દબાણ પર બ્રેક મારી દીધી છે.લોધિકા ગ્રામ પંચાયત દ્વારા આ આખા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ભાજપના નેતાઓએ સરકારી ખરાબાની અને ગૌચરની જમીનમાં કૌભાંડ આચરીને સત્તાના જોરે DILR (જિલ્લા નિરીક્ષક જમીન દફતર) ની કચેરીમાંથી ખોટી માપણી સીટ બેસાડી દીધી હતી. જો કે, કલેક્ટરે તાત્કાલિક એક્શન મોડમાં આવીને DILR નો આ વિવાદિત હુકમ રદ કરી દીધો છે અને ૩૭ વીઘા જમીનને ફરીથી સત્તાવાર રીતે સરકારી અને ગૌચર જમીન જાહેર કરી દીધી છે. આ ગૌચર જમીન કૌભાંડમાં જિલ્લા ભાજપના આગેવાન મુકેશ તોગડિયા, લોધિકા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ કામાણી, કમલેશ વરુ અને અજય બાલધાએ ગેરકાયદેસર દબાણ કર્યું હોવાનું ખૂલ્યું છે. ભાજપના જ નેતાઓએ પશુઓના ચરાણ માટેની ગૌચર જમીન દબાવી દીધી હોવાની વાત વાયુવેગે પ્રસરતાં પક્ષની આબરૂના ધજાગરા ઉડ્યા છે. હાલમાં કલેક્ટરના આ કડક આદેશથી લોધિકા ગ્રામ પંચાયત અને સ્થાનિક માલધારીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે, જ્યારે કૌભાંડી નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.




## 16 જુલાઈ 2024: સિટી ન્યૂઝ ગામ લોકોની મુલાકાત ઘટના સ્થળે જઈ રિપોર્ટ બનાવ્યો હતો








સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Rajkot
04 | 02 JULY 2026, THURSDAY

## બાબા બાગેશ્વરે કહ્યું, મે પરચી ખોલી નામ જણાવી દીધું તો મને પતાવી દેશે

# બાબા તમને શેનો ડર; દેશહિતમાં પરચી ખોલો !

**બાબા ધિરેન્દ્ર શાસ્ત્રી તમે રામમંદિરના આરોપીના નામ ઉજાગર ન કરી શકો તો મૌન રહેવું દેશદ્રોહ સમાન ગણાશે કારણ કે મૌન રહેવું એ દોષિતોને બચાવવાનું કામ કરે છે....**






રામ મંદિર ચોરી કેસમાં બાબા બાગેશ્વર દ્વારા કરાયેલું નિવેદન ‘મેં પરચી ખોલી નામ જણાવી દીધું તો મને પતાવી દેશે’ માત્ર એક વ્યક્તિનો ડર નથી, પરંતુ દેશની વ્યવસ્થા સામે ઉઠતા ગંભીર પ્રશ્નોનું પ્રતિબિંબ છે. જ્યારે તેઓ કહે છે કે ‘મગર નીકળી જાય છે અને નાની માછલી ફસાઈ જાય છે’, ત્યારે આ શબ્દો સિસ્ટમની અસમાનતા અને ન્યાયની નબળાઈને ચીંધે છે.

પ્રશ્ન એ છે કે જો કોઈ વ્યક્તિ પાસે સત્ય છે, તો શું તે માત્ર પોતાના ડર માટે તેને દબાવી દે? દેશના હિતમાં, સત્યને બહાર લાવવું ફરજ ગણાય. જો ખરેખર બાબા પાસે એવી માહિતી છે જે મોટા આરોપીઓને ઉજાગર કરી શકે, તો તેઓએ મૌન રહેવું દેશદ્રોહ સમાન ગણાશે. કારણ કે મૌન રહેવું એ દોષિતોને બચાવવાનું કામ કરે છે.

આવો સમય છે જ્યારે સમાજને હિંમત અને પારદર્શિતા જોઈએ. જો મોટા લોકો છૂટા ફરે અને નાના લોકો જ સજા ભોગવે, તો એ ન્યાય નહીં પરંતુ અન્યાય છે. આ પરિસ્થિતિમાં બાબા બાગેશ્વરે “પરચી” ખોલવી જ જોઈએ  માત્ર પોતાની સુરક્ષા માટે નહીં, પરંતુ દેશના ન્યાય અને વિશ્વાસને બચાવવા માટે.

હકીકતમાં, સત્ય બોલનારને ધમકીઓ મળે એ આપણા તંત્રની કમજોરી દર્શાવે છે. પરંતુ જો દરેક વ્યક્તિ ડરના કારણે ચુપ રહી જાય, તો ક્યારેય સત્ય બહાર નહીં આવે. દેશને એવા લોકોની જરૂર છે જે ડરને જીતે અને સત્ય માટે ઉભા રહે.

આથી, બાબા બાગેશ્વર માટે આ માત્ર વ્યક્તિગત નિર્ણય નથી  આ દેશપ્રેમની કસોટી છે. જો તેઓ ખરેખર દેશના હિતની વાત કરે છે, તો હવે સમય છે કે તેઓ પરચી ખોલે અને સત્યને પ્રકાશમાં લાવે. નહિતર તેમની વાતો માત્ર ખાલી દાવા બની રહેશે, જે સમાજને ભ્રમિત કરે છે અને ન્યાયની પ્રક્રિયાને નબળી બનાવે છે.

**દેશને એવા લોકો જોઈએ છે જે નિર્ભય બનીને સત્યને જાહેર કરે જો બાબા બાગેશ્વર ખરેખર પોતાને સત્યના પક્ષમાં ગણે છે તો હવે સમય આવી ગયો છે પરચી ખોલો, નામ જણાવો અને દેશને નાટક નહીં સત્ય આપો**

# રાજકોટનું કપલ સિમલા ફરવા ગયું: ઝઘડો થયો પતિ પત્નિને મૂકી રાજકોટ આવી ગયો

## કોર્ટ ખાતે સમાધાન માટે બોલાવી ઢીકાપાટુનો માર માર્યો: વકીલ પતિ સામે પત્નીની ફરિયાદ



AI IMAGE

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ કોર્ટ કેમ્પસમાં જ વકીલ પતિએ પત્ની પર હુમલો કરતા ચકચાર મચી ગઈ છે શીમલા ફરવા ગયા ત્યારે પતિ-પત્ની વચ્ચે માથાકૂટ થયાં બાદ પરિણીતાને શીમલા મૂકી પતિ રાજકોટ આવી ગયો હતો. બાદ સમાધાન અર્થે કોર્ટ ખાતે બોલાવી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ચુની. પોલીસે વકીલ પતિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજકોટના રેલનગરમાં જાડેજા ચોક નજીક રહેતા ૨૯ વર્ષીય પરિણિતા શિતલબેન પાટડીયાએ પતિ દીપેશભાઈ નવનીતભાઈ પાટડીયા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧૫ દીવસ પહેલા પતિ સાથે શિમલા તથા મનાલી ફરવા ગઈ હતી ત્યાં બંને વચ્ચે બોલાચાલી થયેલ હતી જેથી પતિ તેણીને શિમલા ખાતે એકલી મુકી રાજકોટ પરત આવી ગયેલ હતા. બાદ તા.૨૫ ના સવારના દશેક વાગ્યે તેણી ઘરે પરત આવેલ હતી. તેમના પતિ મોરબી રોડ ઉપર રાજલક્ષી સોસાયટી ખાતે રહે છે બાદ ગઈકાલે એટલે કે મંગળવારે બપોરના સાડા ત્રણ વાગ્યાની આસપાસ પતિએ વોટસએપ કોલ કરી કહેલ કે, આપણી વચ્ચે શીમલા ખાતે થયેલી બોલાચાલી-ઝઘડાનું સમાધાન કરી નાખીએ અને બન્ને પતિ-પત્ની સાથે રહીએ. જે બાબતે વાતચીત કરવાં પતિએ નવી કોર્ટ, રાજકોટ ખાતે બોલાવી હતી. જેથી પતિને મળવા કોર્ટ ખાતે ગયેલ હતી.

બન્ને કોર્ટના પાર્કીંગમા વાતચીત કરતા હતા. ત્યારે પતિ તેના ફોનમાં મારો વિડીયો ઉતારતા હતા. જેથી તેણીએ પણ ફોનમાં વિડીયો ઉતારવાનુ ચાલુ કરતા પતિ ઉશ્કેરાય ગયેલ અને ગાળો આપવા લાગેલ હતો બાદ મારે કામ છે તેમ કહી ત્યાથી પોતાનુ બાઈક લઈને જતો હતો. જેથી તેણીએ બાઈકમાંથી ચાવી કાઢી લેતા પતિ ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતા. જેથી રાડારાડી થતા માણસો ભેગા થઈ જતા  વધુ મારમાથી બચાવી હતી બાદ જો તુ મારા કે મારા પરીવાર વિરુધ્ધ ફરીયાદ કરીશ તો હું તારા ટાટીયા ભાંગી જાનથી મારી નાખીશ તેમ કહી પતિ જતો રહ્યો હતો પરિણીતાએ સારવાર લઈ યુનિવર્સીટી પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# માત્ર બે સ્કૂલની ગેટ બહારની તસવીરો

### મેદાન છે તો વાલીઓને અંદર પ્રવેશ કેમ નહીં ?

## નિર્મળા સ્કૂલ પાસે ટ્રાફિકનો તાંડવ !



તસવીરઃ અક્ષય ગોંડલિયા

### પોલીસ અને મહાપાલિકા તંત્ર થોડુંક વિચારો અંદર પાર્કિંગથી ટ્રાફિકજામ અટકશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં દિવસેને દિવસે વધતા ટ્રાફિકજામે નાગરિકોને હેરાન પરેશાન કરી દીધા છે, પરંતુ જવાબદાર તંત્ર હજુ પણ મૌન દર્શક બની રહ્યું છે. ખાસ કરીને શાળાઓની આસપાસ સર્જાતો ટ્રાફિકજામ હવે ગંભીર સમસ્યા બની ગયો છે, છતાં કોઈ કડક કાર્યવાહી થતી જોવા મળતી નથી.

નિર્મળા સ્કૂલ પાસે વિશાળ મેદાન હોવા છતાં, શાળા દ્વારા વાલીઓ, સ્કૂલ વાન અને રિક્ષાઓને અંદર પ્રવેશ આપવામાં આવતો નથી. પરિણામે, સ્કૂલ છૂટવાના અને શરૂ થવાના સમયે બહાર રોડ પર વાહનોની લાંબી લાઈન લાગી જાય છે અને ભારે ટ્રાફિકજામ સર્જાય છે. આસપાસના વિસ્તારના લોકોને રોજબરોજ તોબા-તોબા પોકારવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

સ્થાનિકોમાં રોષ છે કે જ્યારે સમસ્યાનો સરળ ઉકેલ શાળાના કેમ્પસમાં જ ઉપલબ્ધ છે, ત્યારે તેનો ઉપયોગ કેમ કરવામાં આવતો નથી? તંત્ર તરફથી કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા કે અમલ જોવા મળતો નથી, જેના કારણે ટ્રાફિકનો બોજ સામાન્ય નાગરિકોને સહન કરવો પડે છે.

ટ્રાફિક નિષ્ણાતોનું માનવું છે કે શહેરમાં ટ્રાફિકજામ ઘટાડવા માટે કડક નિયમો લાવવાની જરૂર છે અને તેની શરૂઆત શાળાઓથી જ થવી જોઈએ. શાળા સંચાલકોને જવાબદારીપૂર્વક વર્તન કરી કેમ્પસનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ, જેથી રોડ પરનો દબાણ ઓછો થાય.

હવે જોવાનું રહ્યું કે તંત્ર આ ગંભીર સમસ્યાને લઈ ક્યારે જાગશે અને અસરકારક પગલાં લેશે, કે પછી નાગરિકોને આવી જ પરેશાનીનો સામનો કરવો પડશે.

**નિર્મળા સ્કૂલ પાસે મોટું મેદાન અને પાર્કિંગની વ્યવસ્થા છે**





તસવીરઃ અક્ષય ગોંડલિયા

### અહીં ફક્ત વાલીઓને અંદર પ્રવેશ આપવામાં આવે છે

## સેન્ટ મેરી સ્કૂલ પાસે મોટી દૂર્ઘટનાની રાહ?

### કાલાવડ મેઈન રોડ ઉપર સ્કૂલ સંચાલકો સ્કૂલવાન કે રીક્ષાને અંદર પ્રવેશ નહીં આપતા બાળકો જોવો રોડ ઉપર આવી જાય છે

**સેન્ટમેરી સ્કૂલ પાસે પણ જબરદસ્ત પાર્કિંગની વ્યવસ્થા છે તો આવું કેમ ?**



સટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલી સેન્ટ મેરી સ્કૂલ સામે ટ્રાફિક અને સલામતીની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. સ્કૂલ પાસે વિશાળ મેદાન હોવા છતાં, ત્યાં માત્ર વાલીઓને જ પ્રવેશ આપવામાં આવે છે, જ્યારે સ્કૂલ વાન અને રીક્ષાઓને અંદર પ્રવેશ ન આપતા રોડ પર ભારે અવ્યવસ્થા સર્જાય છે.

સ્કૂલ છૂટવાના સમયે બાળકોને સીધા રોડ પર ઉતારવામાં આવે છે, જેના કારણે વાહનોની વચ્ચે બાળકો દોડતા જોવા મળે છે. આ સ્થિતિ માત્ર ટ્રાફિકજામ પૂરતી સીમિત નથી, પરંતુ સીધી રીતે અકસ્માતને આમંત્રણ આપે છે. એક નાની ભૂલ કોઈ નિર્દોષ બાળકનો જીવ લઈ શકે તેવી ગંભીર સ્થિતિ રોજબરોજ ઉભી થાય છે.

સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળે છે કે જ્યારે સ્કૂલ પાસે પૂરતી જગ્યા ઉપલબ્ધ છે, ત્યારે તેનો ઉપયોગ કેમ કરવામાં આવતો નથી? તંત્ર અને સ્કૂલ સંચાલન બંનેની બેદરકારી અહીં સ્પષ્ટ દેખાઈ રહી છે. સવાલ એ ઊભો થાય છે કે શું રાજકોટનું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? શું કોઈ બાળકને નુકસાન થાય ત્યારબાદ જ કાર્યવાહી થશે? નાગરિકો માંગ કરી રહ્યા છે કે તાત્કાલિક કડક પગલાં લેવામાં આવે અને સ્કૂલ કેમ્પસનો યોગ્ય ઉપયોગ કરી બાળકોની સલામતી સુનિશ્ચિત કરવામાં આવે. આ સ્થિતિમાં તરત જ હસ્તક્ષેપ કરવાની જરૂર છે, નહિંતર આ બેદરકારી કોઈ મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે.

# રાજકોટમાં જાહેરમાં મારામારી સામાન્ય; કાયદો નિષ્ફળ ?

## કાલાવડ રોડની ઘટના

## રીક્ષા ચાલકને મહિલાએ જાહેરમાં લમધારી નાખ્યો



તસવીરઃ અક્ષય ગોંડલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં રીક્ષામાં મુસાફરી કરતી એક મહિલાએ કોઈ સ્પષ્ટ કારણ વગર રીક્ષા ચાલકને જાહેરમાં ફટકા મારી દીધા હોવાનો બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, મહિલા અને રીક્ષા ચાલક વચ્ચે કોઈ મોટી બોલાચાલી કે ઝઘડો થયો હોવાનો પુરાવો સામે આવ્યો નથી, છતાં અચાનક મહિલાએ ઉગ્ર વલણ દાખવી રીક્ષા ચાલક પર હાથ ઉઠાવ્યો. આ સમગ્ર ઘટનાનો વીડિયો ત્યાં હાજર એક વ્યક્તિએ પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો, જે હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.વિડિયો સામે આવતા જ લોકોમાં ચર્ચા અને આશ્ચર્યનું માહોલ સર્જાયું છે. જાહેરમાં આવી રીતે કોઈ વ્યક્તિ પર હાથ ઉઠાવવાની ઘટના અંગે લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે કે શું હવે રસ્તાઓ પર સામાન્ય નાગરિકો પણ સુરક્ષિત નથી ?હાલમાં આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે કે નહીં તે સ્પષ્ટ નથી, પરંતુ વાયરલ વીડિયોને પગલે પોલીસ તંત્ર દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં જાહેર વ્યવહાર અને શિસ્ત અંગે ગંભીર ચર્ચા ઉભી કરી છે. હવે જોવાનું રહ્યું કે આ મામલે સંબંધિત તંત્ર શું પગલાં લે છે.

## ઈન્દિરા સર્કલ પાસેનો બનાવ

## ટ્રાફિક ચેકિંગ કે ગુંડાગીરી?



એક નાગરિકને TRB જવાને જાહેરમાં મારામારી કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના ઈન્દિરા સર્કલ નજીક ટ્રાફિક વ્યવસ્થાની આડમાં ગુંડાગીરીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ટ્રાફિક પોલીસ દ્વારા એક કારને લોક મારવામાં આવ્યા બાદ, નજીવી બાબતે વિવાદ ઉગ્ર બન્યો અને ટ્રાફિક વિભાગમાં કામ કરતો TRB કર્મચારી જ રસ્તા પર કાયદો હાથમાં લઈ બેઠો.માહિતી મુજબ, કાર ચાલક સાથે બોલાચાલી દરમિયાન TRB કર્મચારી એટલો ઉગ્ર બન્યો કે તેણે જાહેર રસ્તા પર જ હુમલો કરી દીધો. ઘટના સ્થળે હાજર લોકોએ આ સમગ્ર બનાવનો વીડિયો ઉતારી લીધો, જે હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.વિડિયો સામે આવતા જ ટ્રાફિક પોલીસની કામગીરી અને વર્તન પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે કે, જે લોકો કાયદો જાળવવા માટે જવાબદાર છે, તેઓ જ કાયદાનો ભંગ કરતા જોવા મળે છે.આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ટ્રાફિક નિયંત્રણના નામે કેટલીક જગ્યાએ સામાન્ય નાગરિકો સાથે દુર્વ્યવહાર થાય છે. હવે જોવાનું રહ્યું કે આ વાયરલ વીડિયો બાદ પોલીસ વિભાગ શું કાર્યવાહી કરે છે, કે પછી આ મામલો પણ અન્ય અનેક કેસોની જેમ ઠંડા બસ્તામાં જતો રહે છે. સામાન્ય જનતાની માંગ છે કે દોષિત સામે કડક પગલાં લેવાં જોઈએ.

## ઉપરથી નીચે સુધી કરપ્શનઃ કોન્ટ્રાક્ટર હિસ્સો આપે તો જ બિલ પાસ થાય !

# 3 રૂપિયાની પાણીની બોટલ 8માં કેમ? સિસ્ટમમાં જ કરપ્શનનો ખેલ !




## મહાપાલિકાની સિસ્ટમ એટલી સડી ગઈ છે કે દરેક સ્તરે નક્કી દરે કમિશન લેવાય છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ટેન્ડર પ્રક્રિયા કાગળ પર પારદર્શક, પરંતુ હકીકતમાં ભ્રષ્ટાચારની જાળમાં ફસાયેલું એક કડવું સત્ય. નિયમ મુજબ ટેન્ડર બહાર પડે ત્યારે EMD અને સિક્યોરિટી ડિપોઝિટ ભરવાની રહે છે, અને ટેન્ડર ન મળે તો પૈસા પરત પણ મળે છે. પરંતુ એકવાર ટેન્ડર લાગ્યા પછી, કોન્ટ્રાક્ટર માટે શરૂ થાય છે ભ્રષ્ટાચારનો લાંબો અને કંટાળાજનક સફર.કામ મળ્યા બાદ માત્ર કામ કરવું પૂરતું નથી. “સિસ્ટમ”માં ગતિ લાવવા માટે દરેક સ્તરે સંકલન અને વ્યવહાર જરૂરી બને છે. સ્ટેન્ડિંગ કમિટીથી લઈને ચેરમેન સુધી ભાવ મંજૂર કરાવવા માટે દોડધામ અને અંદરની સમજણ રાખવી પડે છે. ત્યારબાદ વોર્ડ સ્તરે કામ શરૂ થાય છે, જ્યાં વોર્ડ પ્રમુખ, કોર્પોરેટર, ડેપ્યુટી એન્જિનિયર અને આસિસ્ટન્ટ એન્જિનિયર સુધીનો દોર ચાલે છે.

પરંતુ સૌથી મોટી સમસ્યા ત્યારે ઉભી થાય છે જ્યારે કામ પૂર્ણ થયા બાદ બિલ પાસ કરાવવાનું આવે છે. બિલ ક્લાર્કથી શરૂ કરીને ઓડિટ શાખા અને હિસાબી વિભાગ સુધીની પ્રક્રિયા એટલી લાંબી અને જટિલ છે કે જો “કમિશન” ન આપો, તો બિલ મહિનાઓ નહીં, વર્ષો સુધી અટવાઈ રહે છે.સિસ્ટમ એટલી સડી ગઈ છે કે દરેક સ્તરે નક્કી દરે કમિશન લેવાય છે. અધિકારીઓ માટે લગભગ ૩ ટકા, આસિસ્ટન્ટ એન્જિનિયર માટે ૧ ટકા, વર્ક આસિસ્ટન્ટ માટે ૦.૫ ટકા અને પછી ઓડિટ તથા એકાઉન્ટ વિભાગમાં અલગથી “સેટિંગ”. જો કોઈ કોન્ટ્રાક્ટર પૈસા આપવા ઈનકાર કરે, તો તેનું બિલ ૭ મહિના થી લઈને એક વર્ષ સુધી અટકાવવામાં આવે છે.આ પરિસ્થિતિએ કોન્ટ્રાક્ટરોને મજબૂર કરી દીધા છે કે તેઓ ટેન્ડરમાં ભાવ વધારીને જ ભરવા પડે, કારણ કે તેમને પહેલાથી જ ખબર હોય છે કે આખી ચેનમાં “હિસ્સો” આપવો પડશે. પરિણામે, સામાન્ય નાગરિકને ૫ રૂપિયાની વસ્તુ માટે ૮ રૂપિયા ચૂકવવા પડે છે. આ માત્ર ભ્રષ્ટાચાર નથી. આ એક સંગઠિત લૂંટ છે, જ્યાં સિસ્ટમ પોતે જ દોષિત બની ગઈ છે. પ્રશ્ન એ છે કે, આ ગેરવહીવટ સામે જવાબદાર કોણ? અને આ ચક્ર ક્યારે તૂટશે?









### સુરત નાસીરનગર ડિમોલિશન વિવાદમાં નામ ઉછળ્યું હતું

# હાઈકોર્ટ ખખડાવી રહી હતી સરકારે ઈનામ આપ્યું: DCP નકુમને IPS પ્રમોશન !

## ■ રાજકોટના ડીસીપી ઝોન-2 રાકેશ દેસાઈને IPS બઢતી

## ■ ગુજરાત કેડરના 6 અધિકારીઓ IPS નોમિનેટ થયા



**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના નાસીરનગર ડિમોલિશનના વિવાદમાં આવેલા ડીસીપી રાજદીપસિંહ નકુમને આઈપીએસ તરીકે પ્રમોટ કરવામાં આવ્યા છે. જો કે હાઇકોર્ટે ૨૫ જૂને ભૂતિયા ડિમોલિશન મામલે પૂછ્યું હતું કે, તમે કેમ હાજર હતા. જેના ૭ દિવસમાં જ સરકારે શિરપાવ આપી પ્રમોશન આપ્યું છે. આમ એક બાજુ હાઇકોર્ટ ખખડાવી રહી હતી તો બીજી બાજુ સરકારે તો શિરપાવ જ આપી દીધો. આ ઉપરાંત ભરતકુમાર રાઠોડ, પ્રફુલ વાણીયા, રાજેશકુમાર પરમાર, કલ્પેશ ચાવડા, રાકેશ દેસાઈને પ્રમોશન આપવામાં આવ્યું છે.કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય (MHA) દ્વારા ગુજરાત પોલીસ સેવાના છ અધિકારીઓને Select List-૨૦૨૬ હેઠળ ભારતીય પોલીસ સેવા (IPS)માં પ્રમોશન આધારે નિયુક્તિ આપતી સત્તાવાર અધિસૂચના જાહેર કરવામાં આવી છે. આ અધિકારીઓને ગુજરાત કેડરમાં એક વર્ષના પ્રોબેશન પર નિયુક્ત કરવામાં આવશે અને ત્યારબાદ જરૂરી ઈન્ડક્શન ટ્રેનિંગ પણ આપવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર તમામ અધિકારીઓ એક વર્ષ સુધી પ્રોબેશન પર રહેશે અને ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમી સહિતના નિર્ધારિત કાર્યક્રમો હેઠળ ઈન્ડક્શન ટ્રેનિંગ પૂર્ણ કરશે.નાસીરનગર ડિમોલિશન મામલે હાઇકોર્ટમાં ૨૫ જૂને યોજાયેલી સુનાવણીમાં અરજદારોના વકીલ દ્વારા કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે કોઈપણ નોટિસ, રજૂઆતની તક કે પંચનામા વગર સુરતના નાસીર નગરમાં SMC દ્વારા ૧૫૦થી વધુ મકાનો ૩૦ મેના રોજ તોડી પાડવામાં આવ્યા હતા.કોર્ટે પૂછ્યું હતું કે, જો ડિમોલિશન SMCએ નથી કર્યું તો ત્યાં તેના કર્મચારીઓ શું કરતા હતા?, તેમની સામે શું પગલાં લેવામાં આવ્યા છે?, સુરત શહેર પોલીસ કમિશ્નરને ફરિયાદ અપાઈ તો તે ફરિયાદ લીધી કેમ નહીં?, કયા કયા અધિકારીઓ ડિમોલિશન સ્થળે ઉપસ્થિત હતા?, અરજદારે ડિમોલિશન સ્થળે હાજર પોલીસ કર્મચારીઓના નામ કે હોદ્દા કેમ નથી જણાવ્યા? અરજદારે જણાવ્યું હતું કે, ત્યાં સુરત SOGના DCP રાજદીપસિંહ નકુમ હાજર હતા. કોર્ટે પૂછ્યું હતું એક તેમના સામે અરજીમાં આક્ષેપ ક્યાં છે? આ અરજીમાં ઘણા ખાનગી વ્યક્તિઓને જોડવામાં આવ્યા છે, તેમની સામેના આક્ષેપ ક્યાં છે? કયા આધાર ઉપર કોર્ટ અધિકારીઓને જવાબ આપવા બોલાવે!

### નાસિરનગર ડિમોલીશનમાં હાઈકોર્ટનો સવાલ

## એક મહિનો વીતી ગયો પોલીસ ફરિયાદ કેમ નથી લેતી: હાઈકોર્ટ

### સરકાર કેમ એક્ટિવ નથી: તપાસ કમિટીનો રિપોર્ટ: ભીનું સંકેલવાનો પ્રયાસ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલીશન મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી થયા બાદ આજે (૨ જુલાઈ) સુનાવણી યોજાઈ હતી. વિવાદિત ડિમોલીશન સમયે પોલીસ અધિકારીઓ અને સુરત મનપાના અધિકારીઓની હાજરીને લઈ કોર્ટે આકરી ટીપ્પણી કરી હતી. સાથે રાજ્ય સરકારની જવાબદારીને લઈ પણ સવાલ ઉઠાવતા કહ્યું કે, આમાં રાજ્ય કેમ એક્ટિવ નથી.વિવાદિત ડિમોલીશનની તપાસ માટે ડેપ્યુટી કમિશનર કક્ષાના અધિકારી હેઠળ રચાયેલી તપાસ કમિટીને લઈ પણ સવાલ ઉઠાવ્યો હતો.

પોલીસની કામગીરીને લઈ કોર્ટે કહ્યું હતું કે, ડીસીપી કક્ષાના અધિકારી ઘટનાસ્થળે હાજર હતા તો તેને ડિમાર્કેશન અને ડિમોલીશનના ભેદની ખબર ન પડી? ડિમોલીશન થયાના એક મહિના બાદ પણ પોલીસે ફરિયાદ કેમ નથી લીધી?DCP બોલ્યા હશે કે હાઈકોર્ટમાં જવું હોય તો જાવ તે સાબિત થશે તો કાર્યવાહી થશે. સાથે સવાલ કરતા કહ્યું કે, લોકોનું ઘર તોડી નાખવું એ ફોજદારી ગુનો નથી? હાઈકોર્ટે ટોરેન્ટ પાવરને પૂછ્યું હતું કે, વીજળી કનેક્શન ડિમોલિશન પહેલા કાપ્યું કે ત્યાં પહોંચ્યા પછી ? ટોરેન્ટ પાવરે જણાવ્યું હતું કે, SMC સેન્ટ્રલ ઝોનમાંથી શૈલેષભાઈ નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. કોર્ટે પૂછ્યું હતું કે, SMCના જે ૫ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા તેમાં આનું નામ છે ? જેનો જવાબ નકારમાં મળ્યો હતો. કોર્ટે આ શૈલેષભાઈની ઓળખ અંગે પૃચ્છા કરી હતી. તેમની પાસે તેઓનો મોબાઈલ નંબર છે, ટોરેન્ટ પહોંચી ત્યારે ડિમોલિશન ચાલુ હતું, વીજ પ્રવાહ પણ ચાલુ હતો. પછી મુખ્ય જંક્શન બોક્ષમાંથી વીજ પ્રવાહ બંધ કરાયો હતો. ટોરેન્ટ પહોંચ્યું ત્યારે ૧૮ મીટર તૂટેલા હતા, ૧૧ યોગ્ય પરિસ્થિતિમાં નહોતા, ૪ મીટર ચાલુ કરાયા અને ૦૭ વીજ કનેક્શન ચાલુ થઈ શક્યું નહોતું.

### રાજકોટ, વડોદરા, સુરત અને હવે અમદાવાદમાં CP તરીકે સેવા આપનાર જૂજ અધિકારીઓમાનાં એક

# અનુપમસિંહ ગેહલોત હવે અમદાવાદને આપશે 'કડક' દિશા !



### બાહોશ, કડક અને પ્રજાહિતની ચિંતા કરનાર અધિકારીઓનું નામ લેવાય ત્યારે 1997ની બેચના IPS અનુપમસિંહ ગેહલોતનું નામ મોખરે આવે

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

શહેરમાં આગામી સમયમાં યોજાનારી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા પૂર્વે રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદના પૂર્વ પોલીસ કમિશનર જી.એસ. મલિક રાજ્યના કાયમી DGP બન્યા બાદ છેલ્લા ૨૫ દિવસથી ખાલી પડેલી કમિશનરની જગ્યા પર સુરતના વર્તમાન પોલીસ કમિશનર અને ૧૯૯૭ની બેચના સિનિયર IPS અધિકારી અનુપમસિંહ ગેહલોતને અમદાવાદના નવા પોલીસ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.છેલ્લા કેટલાય સમયથી અમદાવાદના નવા પોલીસ કમિશનર કોણ બનશે તેને લઈને ભારે ચર્ચાઓ અને અટકળો ચાલી રહી હતી. રથયાત્રા જેવા મોટા અને સંવેદનશીલ બંદોબસ્તને ધ્યાનમાં રાખીને સરકાર કોઈ અનુભવી ચહેરાની શોધમાં હતી. જી.એસ. મલિકની રાજ્યના પોલીસ વડા (DGP) તરીકે પસંદગી થયા બાદ, અમદાવાદ સીપીનો ચાર્જ ઇન્ચાર્જ અધિકારીને સોંપવામાં આવ્યો હતો.રથયાત્રા પૂર્વે જ સરકારે આ મહત્વની જગ્યા પર કાયમી કમિશનર તરીકે અનુપમસિંહ ગેહલોતના નામ પર મહોર મારી દીધી છે. ૧૯૯૭ની બેચના બાહોશ IPS અધિકારી અનુપમસિંહ ગેહલોત ગુજરાતના પોલીસ તંત્રમાં બહોળો અનુભવ ધરાવે છે. તેઓ અગાઉ રાજ્યના મુખ્ય શહેરો જેવા કે રાજકોટ, વડોદરા અને સુરતના પોલીસ કમિશનર તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂક્યા છે. આ ચાર મોટા મહાનગરોમાં કમિશનર તરીકે સેવા આપવાનો અનુભવ ધરાવતા તેઓ રાજ્યના જૂજ અધિકારીઓમાંથી એક છે. તેમની અત્યાર સુધીની કારકિર્દી પર નજર કરીએ તો, તેઓ ભાવનગરમાં જિલ્લા પોલીસ વડા (SP) તરીકે રહ્યા બાદ પાટણના એસપી બન્યા હતા.


### IPS ગેહલોત એડિશનલ ડીજીપી કક્ષાના અધિકારી છે

## DGP કક્ષાના 6 અધિકારી છતાં અમદાવાદના નવા CP તરીકે ગેહલોતે બાજી મારી

**અમદાવાદમાં 15 વર્ષે શહેર કમિશનરની પોસ્ટ ડાઉન ગ્રેડ કરાઈ**

અમદાવાદ પોલીસ કમિશનર તરીકે ડીજીપી રેન્કના સિનિયર આઈપીએસ અધિકારીની નિમણૂક કરાય છે. જોકે અત્યારે ગુજરાત પોલીસ પાસે રેગ્યુલર ડીજીપી જી.એસ. મલિક ઉપરાંત ડીજીપી કક્ષાના ૬ સિનિયર આઈપીએસ છે, જેમાં ડો.કે.એલ.એન.રાવ, નીરજા ગોતરુ, મનોજ શશીધર, રાજુ ભાર્ગવ, નરસિમ્હા કોમર અને રાજકુમાર પાંડિયનનો સમાવેશ થાય છે. આ તમામ ડીજીપી કક્ષાના અધિકારીમાંથી અમદાવાદ પોલીસ કમિશનર તરીકે એડિશનલ ડીજીપી અનુપમસિંઘ ગેહલોત બાજી મારી ગયા છે.

## જૂની માનસિકતા ; સ્ટાફ અપડેટ નહીં તો લાઈબ્રેરોની વ્યર્થ શું



# રાજકોટમાં જ્ઞાન વિનાની લાઈબ્રેરી !

**કોર્પોરેશન સંચાલિત લાઈબ્રેરીના 17 યુનિટ, જેમાંથી 7 વાંચનાલય, એક મહિલાઓ માટે સ્પેશિયલ બે ફરતા પુસ્તકાલય, છ મેઈન લાઈબ્રેરી છે**

## શહેરમાં 1989માં પ્રભાદેવી લાઈબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રહલાદ પ્લોટ શેરી નંબર ૩૮ ખાતે ૧૯૮૯ માં પ્રભાવતી જયપ્રકાશ મહિલા લાઈબ્રેરીની સ્થાપના કરવામાં આવેલી હતી આ લાઈબ્રેરીમાં ફક્ત બાળકો અને મહિલાઓને જ પ્રવેશ આપવામાં આવતો હતો આ લાઈબ્રેરીમાં ગ્રંથપાલની જગ્યા પણ મહિલા અનામત જ હતી જેમાં ચંદ્રિકાબેન ધામેલીયા પ્રથમ ગ્રંથપાલ હતા ત્યારબાદ તે નિવૃત્ત થતા આ જગ્યાને જનરલ જગ્યામાં કન્વર્ટ કરી ત્યાં આસિસ્ટન્ટ લાઈબ્રેરીયન તરીકે ફરજ બજાવતા નરેન્દ્રભાઈ આરદેસણાને આ કન્વર્ટ કરેલી જગ્યા ઉપર સીધું જ પોસ્ટિંગ આપવામાં આવ્યું બાકી કોર્પોરેશનમાં રહેમરાહે નોકરી મેળવેલા, વિધવા, વિકલાંગ અથવા ત્યગતા મહિલાઓને જ આ જગ્યા ઉપર સાચવવા નિમણૂક આપવામાં આવતી અને આ લાઈબ્રેરી આવી રીતે જ રગડ-ધગડ ચલાવવામાં આવતી જેમાં અચાનક જ છેલ્લા દસ વર્ષમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અલગ અલગ વિસ્તારોમાં અતિ આધુનિક અગિયાર જેટલી લાઈબ્રેરીઓ ખડકી દેવામાં આવી. પરંતુ તેમાં સ્ટાફ જૂની માનસિકતા અને જૂની લાયકાત વાળો જ રહ્યો નવી પેઢી આવી ગઈ પરંતુ પુસ્તકાલય અને વાંચનાલય વચ્ચેની ભેદરેખા ભૂસવામાં આ લોકો અસફળ રહ્યા માટે જ આ અધ્યતન લાયબ્રેરીઓ અવારનવાર વિવાદોમાં આવતી રહે છે

તર્કબદ્ધ રીતે જોવામાં આવે તો કોર્પોરેશન આધુનિક લાયબ્રેરીઓ બનાવતી ગઈ પણ તેમાં ગુણવત્તા સભર અને આધુનિક સ્ટાફ ભરવાનો ભૂલી ગઈ જેની સામે સ્ટાફ કોન્ટ્રાક્ટ બેઝ વાળો જ રાખ્યો જે આર્થીક જરૂરિયાત વાળો હોવાથી તેને લાયબ્રેરી સાથે પ્રકાશવર્ષનું અંતર હોય છે એટલે કોઈ જ્ઞાનની વાતો થતી નથી. તેમજ કરોડોના ખર્ચે તૈયાર થયેલ લાયબ્રેરીઓ વચ્ચે આટલા વર્ષોથી કેમ એક જ ગ્રંથપાલ કાર્યરત છે ! આપણા લોકલાડીલા નેતા સ્વ.વિજયભાઈ રૂપાણી અને જાગૃત સેવાભાવી નેતા દેવાંગભાઈ માંકડે આ લાયબ્રેરીઓ રાજકોટની નામાંકિત રોટરી મિડટાઉન જેવી સંસ્થાઓને સોંપવા પ્રયત્ન કરેલા પરંતુ તેમાં યોગ્ય સફળતા મળેલ નહીં. તાજેતરના ગ્રંથપાલ નરેન્દ્રભાઈ આરદેસણા અને ડેપ્યુટી ગ્રંથપાલ સુનિલ દેત્રોજા ગુજરાતી ભાષામાં ભણતર મેળવેલું છે માટે અંગ્રેજીમાં વાતચીતથી માંડી અંગ્રેજી પુસ્તકો માટેનું કોઈ જ્ઞાન ધરાવતા નથી. જેથી ત્યાં લોકમાંગ ધરાવતા પ્રચલિત પુસ્તિકાઓની જગ્યાએ પસ્તી વધુ જોવા મળશે.

રાજકોટ કોર્પોરેશનની લાઈબ્રેરીઓ કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવે છે તો પણ તેમાં વાંચકોની સંખ્યા નહીવત હોય છે પરંતુ સભ્યની સંખ્યા ખૂબ ઊંચી બતાવવામાં આવે છે હકીકતમાં તેમાં સભ્ય તરીકે કોમ્પિટિટિવ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે માટે આને લાઈબ્રેરી નહીં પણ રીડિંગ રૂમ કહી શકાય.

રાજકોટના વરિષ્ઠ કોર્પોરેટર મનીષભાઈ રાડીયા અને શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે પણ એક સારા રીડર છે જો તેઓ આ દિશામાં વિચાર સુધા કરી લાઈબ્રેરીઓને એક નવા રંગ રૂપ આપવાની નેમ ધારણ કરે તો ધરખમ ફેરફારો સાથે પ્રજાની સુખાકારીમાં વધારો થઈ શકે તેમ છે થોડા સમય પહેલા જ ધારાસભ્યશ્રી ડો.દર્શિતાબેન શાહે રોટરી મિડટાઉનના સહયોગથી રાજકોટ કોર્પોરેશનની લાઈબ્રેરીઓમાં સાહિત્ય લક્ષી કાર્યક્રમો કરેલા જે ખુબ સફળ અને લોકપ્રીય રહેલ. સાથોસાથ બ્રિટિશ લાઈબ્રેરી સમકક્ષ રાજકોટમાં લાઈબ્રેરી હોવી એ આપણા ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. વિજયભાઈ રૂપાણીનું એક સ્વપ્ન રહેલું. તો તે સાર્થક કરી બતાવવું એ સાચા અર્થમાં તેમને શ્રદ્ધાંજલિ છે.




# મહાપાલિકામાં લેખિતમાં અરજી તોય કામ થતું નથી







# ડામરના ખોટા જોબથી વાવડી સેફ્રોન બિલ્ડીંગ પાસે દર ચોમાસે હાલાકી એક બાજી રોડ બંધ કરવાની નોબત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના મવડી વિસ્તારના વોર્ડ નંબર ૧૨ હેઠળ આવેલા ૮૦ ફૂટ રોડ પર ચોમાસા દરમિયાન ગંભીર પાણી ભરાવાની સમસ્યા સામે આવી છે. વાવડી વિસ્તારમાં સેફ્રોન બિલ્ડિંગ નજીક રોડમાં કરાયેલા ડામરના જોબને કારણે વરસાદ પડતા પાણીનો નિકાલ યોગ્ય રીતે થતો નથી, જેના કારણે રસ્તા પર પાણી ભરાઈ જાય છે અને વાહનચાલકો તથા સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આ મુદ્દે અગાઉ મહાનગરપાલિકામાં અરજી પણ કરવામાં આવી હતી, છતાં તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. પરિણામે, થોડો પણ વરસાદ પડે તો રોડની એક બાજુ બંધ કરવાની ફરજ પડે છે, જેનાથી ટ્રાફિક વ્યવસ્થામાં ખલેલ પડે છે.

આ પરિસ્થિતિને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે તંત્રની બેદરકારીના કારણે દર ચોમાસે આવી વિકટ સ્થિતિ સર્જાય છે, છતાં સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. આજના ફોટોગ્રાફ્સમાં પણ સ્પષ્ટ જોવા મળે છે કે કેવી રીતે રોડ પર પાણી ભરાઈ જતા અવરજવર મુશ્કેલ બની જાય છે.

સ્થાનિકોએ તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરી રોડનું સમારકામ કરવા તેમજ પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માંગ કરી છે, જેથી આવનારા સમયમાં આવી સમસ્યાઓથી રાહત મળી શકે.


PRIVY LEAGUE

તા-12/06/2026.

રાજકોટ મહાનગરપાલિકા
એન્જીનીયરીંગ વિભાગ
પશ્ચિમ ઝોન
ઈનવર્ડ નં. 1410
તારીખ 12/6/2026

મવડી 80 ફૂટ રોડ વાવડી.
મો-9327734354
વોર્ડ નં - 12

પ્રતી શ્રી
ડેપ્યુટી ઈજનેર,
સાહેબ શ્રી.

વિષય :- રોડમાં ડામરમાં જોબ હોવાથી ચોમાસામાં પાણી ભરાય છે. તે માટે રોડ ~~ઉપર~~ રીપેર કરી દેવા બાબતે.

સવિનય સાથ જણાવાનુ કે અમારી માલીકીનું બિલ્ડીંગ 80 ફૂટ રોડ ઉપર આવેલ છે. જેમા આવા જવામાં ચોમાસામાં પાણી જાજુ ભરાતુ હોવાથી. બિલ્ડીંગ આખો બિલ્ડીંગ સાઈડનો રોડ બંધ થઈ જાઈ છે. તો રોડમાં જોબ

### લંડનની વિખ્યાત મેરીલેબોન ક્રિકેટ ક્લબ MCC ટેસ્ટ કરિયરમાં યોગદાન બદલ લાઈફ મેમ્બરશિપ એનાયત

# રાજકોટનું ગર્વ; ક્રિકેટર ચેતેશ્વર પૂજારાનું વિશ્વસ્તરે સન્માન !

### ચેતેશ્વર પૂજારાએ કહ્યું લોર્ડ્સની આ પ્રતિષ્ઠિત ક્લબમાં સ્થાન મેળવવાને ગૌરવપૂર્ણ ગણાવ્યું



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતીય ટેસ્ટ ક્રિકેટના દિગ્ગજ ચેતેશ્વર પૂજારાને મેરિલેબોન ક્રિકેટ ક્લબ (MCC) તરફથી માનદ આજીવન સભ્યપદ આપવામાં આવ્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં લાંબા સમય સુધી આપેલા યોગદાન અને શાનદાર પ્રદર્શન બદલ તેને આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરવામાં આવ્યું છે.આ સન્માન મળ્યા બાદ પૂજારાએ કહ્યું કે MCCનું આજીવન સભ્યપદ મેળવવું તેમની કારકિર્દીની સૌથી યાદગાર ક્ષણોમાંની એક છે.દરેક ક્રિકેટર લોર્ડ્સમાં રમવાનું સપનું જોતો હોય છે અને હવે આ ઐતિહાસિક સંસ્થાનો આજીવન સભ્ય બનવું તેમના માટે ગર્વની વાત છે.પૂજારાએ જણાવ્યું કે વર્ષોની મહેનત અને ટેસ્ટ ક્રિકેટ પ્રત્યેની પ્રતિબદ્ધતાને આ રીતે માન્યતા મળે તે ખૂબ જ વિશેષ અનુભવ છે. તેમણે કહ્યું કે આ સન્માન તેમને ભવિષ્યમાં પણ ક્રિકેટ માટે યોગદાન આપવાની વધુ પ્રેરણા આપશે.ચેતેશ્વર પૂજારાએ ૨૦૧૦માં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું અને ૨૦૨૩માં પોતાની છેલ્લી ટેસ્ટ પણ ઓસ્ટ્રેલિયા સામે જ રમી હતી.

### યોગેશ પટેલના નિધનથી ખાલી પડી છે સીટ

# માંજલપૂર વિધાનસભા સીટની 30મી જૂલાઈએ યોજાશે પેટા ચૂંટણી

### 3 ઓગસ્ટે પરિણામ જાહેર કરવામાં આવશે

**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક માટે ચૂંટણીપંચે પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ ખાલી પડેલી બેઠક માટે હવે ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ નોટિફિકેશન પ્રસિદ્ધ થશે. આ સાથે ચૂંટણી પ્રક્રિયાનો ઔપચારિક પ્રારંભ થશે. ત્યાર બાદ 30 જુલાઈ, ૨૦૨૬ના રોજ મતદાન અને ૩ ઓગસ્ટે પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા ૪ ઓગસ્ટ સુધી પૂર્ણ કરવામાં આવશે.૧૩ જુલાઈ સુધી ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ રહેશે. ત્યારબાદ ૧૪ જુલાઈએ ઉમેદવારીપત્રોની ચકાસણી (સ્ક્રુટિની) હાથ ધરાશે, જ્યારે ૧૬ જુલાઈ ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થયા બાદ ચૂંટણી પ્રચાર તેજ બનશે. હવે આ બેઠક પર યોજાનારી પેટાચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષોમાં ઉમેદવારની પસંદગી અને ચૂંટણી રણનીતિને લઈને ચહલપહલ શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમ જાહેર થતાં જ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે અને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાનની તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી છે. હવે સૌની નજર ઉમેદવારોની જાહેરાત અને માંજલપુરમાં જામનારા ચૂંટણી જંગ પર કેન્દ્રિત થઈ છે.

### 7 કિલો બેગ લઈ જવા પર સસ્તી ટિકિટ મળશે

# ઈન્ડિગોનો કેબિન બેગ ઓન્લી ફેર લોન્ચ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

ઇન્ડિગોએ માત્ર કેબિન બેગ એટલે કે 'હાથમાં લઈ જવાની બેગ' સાથે મુસાફરી કરતા પેસેન્જર્સ માટે એક નવો અને સસ્તો ભાડું 'ઇન્ડિગો લાઇટ' લોન્ચ કર્યો છે. તેની લિમિટ ૭kg હશે.ભારતની સૌથી મોટી ડોમેસ્ટિક એરલાઇને આ પગલું હવાઈ ટિકિટોની કિંમતો ઘટાડવા માટે ઉઠાવ્યું છે, જેથી મોટા સામાન વિના મુસાફરી કરતા યાત્રીઓને ઓછા પૈસા ચૂકવવા પડે.આ પહેલા ગયા મહિને એર ઇન્ડિયાએ પણ તે યાત્રીઓ માટે એક બેઝિક ઇકોનોમી ભાડું શરૂ કર્યું હતું, જેમને ફ્લાઇટમાં મફત ભોજન ન જોઈએ અને તેઓ ઓછા ખર્ચમાં મુસાફરી કરવા માગે છે.આજકાલ એરલાઇન્સ પેસેન્જર્સને ફક્ત તે જ સેવાઓ માટે પૈસા ચાર્જ કરવા માગે છે, જેનો તેઓ ઉપયોગ કરે છે. ઇન્ડિગોના ચીફ સ્ટ્રેટેજી ઓફિસર આલોક સિંહે જણાવ્યું, "આ એવા ગ્રાહકો માટે તૈયાર કરવામાં આવ્યું છે, જેઓ હળવા પ્રવાસ કરે છે અને ફક્ત તે જ સેવાઓ માટે ચૂકવણી કરવા માંગે છે, જેની




તેમને જરૂર છે. આ બજાર પ્રમાણે પોતાને ઢાળવાની અને મુસાફરીને વધુ સુલભ અને સસ્તું બનાવવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે." ઇન્ડિગોનું આ નવું ભાડું ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રકારની ફ્લાઇટ્સ પર લાગુ પડશે. તેનું બુકિંગ કંપનીની વેબસાઇટ અને મોબાઇલ એપ પર ૧ જુલાઈથી શરૂ થઈ ગયું છે, જ્યારે આ ભાડા પર મુસાફરીની શરૂઆત ૧૫ જુલાઈથી પ્રભાવી થશે. સરકારે ડોમેસ્ટિક એરલાઇન્સ માટે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ફ્યુઅલની કિંમતોમાં ૫ પ્રતિ લિટરનો ઘટાડો કર્યો છે.





# કોઠારીયા રિંગ રોડના સર્વિસ રોડની બિસ્માર હાલતથી લોકોમાં રોષ

## મુરલીધર વેબ્રિજથી રામપાર્ક સુધી સમારકામ અધૂરું; વાહનચાલકો અને સ્થાનિકો તાત્કાલિક કાર્યવાહી માંગે છે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના કોઠારીયા રિંગ રોડ પર આવેલા મુરલીધર વેબ્રિજથી રામપાર્ક (રામવન) સુધીના સર્વિસ રોડ પર પાઇપલાઇન નાખવાની કામગીરી પૂર્ણ થયા બાદ પણ રસ્તાનું સમારકામ કરવામાં આવ્યું નથી. પરિણામે સમગ્ર સર્વિસ રોડ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો હોવાથી સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ ખોદકામ બાદ રોડ યથાવત છોડી દેવામાં આવ્યો છે. વરસાદી મોસમમાં ખાડા, કાદવ અને અસમતલ માર્ગના કારણે રોજબરોજ અકસ્માતનો ભય સર્જાઈ રહ્યો છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે જાગૃત નાગરિક દ્વારા વીડિયો અને સ્થળનું લાઈવ લોકેશન સાથે સંબંધિત તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. સ્થાનિકોએ માંગ કરી છે કે સંબંધિત વિભાગ દ્વારા તાત્કાલિક સર્વિસ રોડનું સમારકામ કરી લોકોને પડતી મુશ્કેલી દૂર કરવામાં આવે અને અકસ્માત સર્જાય તે પહેલાં જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે.

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... તમારો વોર્ડ તમારો હક


## વોર્ડ નં. 10માં વોકડાની ગંદકીથી સ્થાનિકોમાં રોષ

# વોકડો ગંદકીથી છલકાયો, વરસાદે જળબંબાકારનો ભય

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૦માં રાણી ટાવરની પાછળ આવેલા આર.કે.નગર મેઈન રોડના છેડે ગુરુજીનગર ક્વાર્ટર પાસેનો વોકડો ગંદકીથી છલકાઈ રહ્યો છે. વોકડામાં પાણીની જાવક માટે બનાવાયેલા બે માર્ગમાંથી એક સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે, જ્યારે બીજા માર્ગમાં પણ ગંદકીના કારણે પાણીનો પ્રવાહ અવરોધાઈ રહ્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.
સ્થાનિકોના જણાવ્યા મુજબ વરસાદી મોસમ દરમિયાન આ વિસ્તારમાં પહેલેથી જ પાણી ભરાવાની ગંભીર

### » આર.કે.નગર મેઈન રોડ પાસે પાણીની જાવક બંધ; સોમેશ્વર મહાદેવ મંદિર સુધી દુર્ગંધ, અનેક રજૂઆતો છતાં કાર્યવાહી નહીં

સમસ્યા રહે છે. વોકડાની સફાઈ નહીં થતાં વરસાદી પાણીનો નિકાલ ખોરવાય તેવી શક્યતા છે, જેના કારણે સમગ્ર વિસ્તાર કાલાવડ રોડ અને નાના મવા રોડથી સંપર્કવિહોણો બની જવાનો ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.
વોકડાની બાજુમાં વર્ષો જૂનું સોમેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. ગંદકી અને અસહ્ય દુર્ગંધના કારણે શ્રદ્ધાળુઓને પણ મંદિરે દર્શન કરવા મુશ્કેલી પડી રહી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે વોકડાની સફાઈ માટે અનેક વખત રજૂઆતો કરવા છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. વરસાદી મોસમને ધ્યાનમાં રાખી તાત્કાલિક વોકડાની સફાઈ કરી પાણીની અવરજવર સુધારૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## માવડી વિસ્તારમાં બિસ્માર રસ્તાથી સ્થાનિકો ત્રસ્ત

# ભક્તિધામ સોસાયટીમાં કાદવ-કીચડથી લોકો પરેશાન




સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના માવડી વિસ્તારમાં ૪૦ ફૂટ રોડ નજીક આવેલી ભક્તિધામ સોસાયટીના મુખ્ય માર્ગ પર વરસાદી પાણી અને કાદવ–કીચડના કારણે સ્થાનિકોને મુશ્કેલી પડી રહી છે. બિસ્માર રસ્તાના કારણે વાહનચાલકો અને રાહદારીઓને અવરજવર કરવામાં અડચણો ઉભી થઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ વરસાદ બાદ માર્ગ કાદવમય બની જાય છે અને પાણી ભરાઈ રહેતાં મચ્છરોના ઉપદ્રવ સાથે રોગચાળાનો ભય પણ ઉભો થયો છે. અનેક રજૂઆતો છતાં રસ્તાના સમારકામ અંગે કોઈ કાર્યવાહી થઈ નથી. સ્થાનિકોએ મહાનગરપાલિકાને તાત્કાલિક પાણીના નિકાલની વ્યવસ્થા કરી પાકો રોડ બનાવવાની માંગ કરી છે.

## સરકારી કોલેજમાં ઈતિહાસ-અંગ્રેજી વિષયની બેઠકો ઘટાડવાનો વિવાદ


# બે વિષયની બેઠકો વધારવા વિદ્યાર્થી નેતાની માંગ

## પ્રિન્સિપાલ પર મનમાનીનો આક્ષેપ; પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ઉપવાસ આંદોલનની ચીમકી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પડધરી સ્થિત કવિશ્રી દાદ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ઈતિહાસ અને અંગ્રેજી વિષયની બેઠકો ઘટાડવામાં આવી હોવાનો આક્ષેપ કરી વિદ્યાર્થી નેતા નિખીલ ભોજાણીએ તેનો વિરોધ નોંધાવ્યો છે. તેમણે આ નિર્ણયથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાનો દાવો કરી બંને વિષયમાં તાત્કાલિક બેઠકો વધારવાની માંગ કરી છે.

નિખીલ ભોજાણીના જણાવ્યા મુજબ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઈતિહાસ અને અંગ્રેજી મહત્વના વિષયો હોવા છતાં નવા શૈક્ષણિક વર્ષમાં ઈતિહાસમાં માત્ર પાંચ અને અંગ્રેજીમાં છ બેઠકો રાખવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો કે અગાઉ પણ આ બંને વિષયમાં પ્રવેશ મર્યાદિત કરવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓને અન્ય વિષયમાં પ્રવેશ લેવા માટે દબાણ કરાયું હતું. તેમના જણાવ્યા મુજબ આ નિર્ણયથી અનેક વિદ્યાર્થીઓને ઈચ્છિત વિષયમાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલી




પડી રહી છે.


વિદ્યાર્થી નેતાએ વધુમાં દાવો કર્યો કે કોલેજમાં જરૂરી ફેકલ્ટીની અછત અંગે રજૂઆતો કરવા છતાં યોગ્ય કાર્યવાહી થઈ નથી. આ મુદ્દે તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ સાથે ટેલિફોનિક તેમજ રૂબરૂ રજૂઆત કરી હોવાનું જણાવ્યું છે. ઉપરાંત સ્વાગત પોર્ટલ મારફતે મુખ્યમંત્રી સમક્ષ પણ રજૂઆત કરાતા ખાલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

નિખીલ ભોજાણીએ પ્રિન્સિપાલની નિયમિત હાજરી અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે અને RTI હેઠળ માંગેલી માહિતી સંપૂર્ણ આપવામાં આવી ન હોવાનો પણ આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું કે કોલેજના સંચાલનમાં




પારદર્શિતા અને જવાબદારી જરૂરી છે જેથી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી શકે.

વિદ્યાર્થીઓના હિતમાં ઈતિહાસ અને અંગ્રેજી વિષયની બેઠકોમાં વધારો કરવામાં આવે તથા કોલેજનું સંચાલન નિયમિત કરવામાં આવે તેવી માંગ સાથે તેમણે ચેતવણી આપી છે કે પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન અને જરૂર પડશે તો ઉપવાસ આંદોલન પણ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓના હિત માટે અંત સુધી લડત ચાલુ રાખવામાં આવશે.




## KKV બ્રિજ પર સમસ્યા

# શ્રી રામ બ્રિજ પર સ્ટ્રીટલાઈટ બંધ, અકસ્માતનો ભય

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં આત્મીય કોલેજથી KKV હોલ તરફ જતા શ્રી રામ બ્રિજ પર ડાબી બાજુની એક સ્ટ્રીટલાઈટ છેલ્લા કેટલાક દિવસોથી બંધ હોવાથી રાત્રિના સમયે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બ્રિજ પર અંધારું રહેતાં અકસ્માતનો ભય પણ ઉભો થયો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ વારંવાર રજૂઆતો છતાં હજુ સુધી લાઈટ ચાલુ કરવામાં આવી નથી. મુખ્ય માર્ગ પર સ્ટ્રીટલાઈટ બંધ હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ તંત્રને તાત્કાલિક બંધ સ્ટ્રીટલાઈટનું સમારકામ કરી અકસ્માત સર્જાય તે પહેલાં જરૂરી પગલાં ભરવા માંગ કરી છે.

## પાણીની લાઈન બાદ ખોદાયેલા રસ્તા હજુ સુધી યથાવત

# ખોદાયેલા રસ્તા જોઈ તંત્રની 'દીર્ઘદ્રષ્ટિ'

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... તમારો વોર્ડ તમારો હક

રાજકોટ શહેરમાં ગત શિયાળા દરમિયાન પાણી પુરવઠા માટે અનેક વિસ્તારોમાં નવી પાણીની લાઈનો નાખી નળ કનેક્શન આપવામાં આવ્યા હતા. જોકે, કામગીરી પૂર્ણ થયા બાદ અનેક સ્થળોએ બખોદાયેલા રસ્તાઓનું હજુ સુધી પુનર્નિર્માણ કરવામાં આવ્યું નથી. પરિણામે વરસાદી મોસમમાં કાદવ, ખાડા અને અકસ્માતના ભય વચ્ચે સ્થાનિકો તથા વાહનચાલકો મુશ્કેલી ભોગવી રહ્યા છે.

આ સ્થિતિને લઈને નાગરિકોમાં તંત્ર સામે કટાક્ષભરી ચર્ચા શરૂ થઈ છે. લોકો વ્યંગાત્મક રીતે કહી રહ્યા છે કે કદાચ રસ્તા ઈરાદાપૂર્વક ખુલ્લા રાખવામાં આવ્યા હશે જેથી વરસાદી પાણી વધુ પ્રમાણમાં જમીનમાં ઉતરી ભુગર્ભ જળસ્તરમાં વધારો થાય. કેટલાક નાગરિકો તો એવી પણ ટિપ્પણી કરી રહ્યા છે કે ભવિષ્યમાં વીજલાઈન અને સ્ટ્રીટલાઈટનું અન્ડરગ્રાઉન્ડ વાયરીંગ કરવું સરળ રહે તે માટે રસ્તા ફરી તોડવાની જરૂર ન પડે એટલે હાલ જ યથાવત રાખવામાં આવ્યા હોય તેમ લાગે છે.

સ્થાનિકોનું કહેવું છે કે વાસ્તવમાં લાંબા સમયથી રસ્તાઓનું સમારકામ ન થતાં રોજિંદા વાહનવ્યવહાર પર અસર પડી રહી છે અને વરસાદ દરમિયાન મુશ્કેલી અનેકગણી વધી જાય છે. નાગરિકોએ સંબંધિત તંત્રને તાત્કાલિક રસ્તાઓનું સમારકામ પૂર્ણ કરી લોકોને પડતી હાલાકી દૂર કરવાની માંગ કરી છે.



**મહિનાઓ બાદ પણ રસ્તાનું સમારકામ નહીં; વરસાદી મોસમમાં વાહનચાલકો અને સ્થાનિકોમાં રોષ**

**નસકોરાનો આતંક; પત્નીએ કહ્યું પતિ ખૂબ જ સારો છે પણ હું આખી રાત જાગી શકતી નથી**

# પતિના ‘નસકોરા’ના કારણે પત્નિએ માંગ્યા ‘છૂટાછેડા’!

## પાંચ વર્ષ જૂનું લગ્નજીવન તૂટવાની આરે

રીટા તુલીએ કહ્યું કે એક મહિલા તેમની પાસે સલાહ લેવા આવી હતી. તેમણે કહ્યું કે તેમને તેમના પતિ કે પરિવાર પ્રત્યે કોઈ ફરિયાદ નથી. તેમની એકમાત્ર સમસ્યા એ હતી કે તેઓ રાત્રે એટલા જોરથી નસકોરા બોલાવે છે કે તેમને બિલકુલ ઊંઘ આવતી નથી. સવારે જ્યારે તેણીએ ફરિયાદ કરી, ત્યારે તેના પતિએ સ્વીકારવાનો ઇનકાર કર્યો કે તે નસકોરાં બોલે છે. ધીમે ધીમે આ ઝઘડો એટલો વધ્યો કે મહિલાએ છૂટાછેડા લેવાનું નક્કી કર્યું.











- નસકોરા માત્ર ઊંઘમાં ખલેલ નથી પહોંચાડતા, સંબંધોમાં દૂરી પણ લાવે છે
- નસકોરા સ્લીપ એપનિયા જેવી ગંભીર બીમારીની નિશાની પણ હોઈ શકે છે
- સમયસર સારવાર અને સમજથી બચી શકે છે સંબંધો

## ફેમિલી કાઉન્સેલરે કહ્યું નસકોરાને કારણે લગ્ન તૂટવાના બનાવો વધી રહ્યા છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિવસ દરમિયાન દંપતીનો સંબંધ સામાન્ય હતો, પરંતુ રાત્રે, પતિના જોરથી નસકોરાં તેમની વચ્ચે તણાવનું કારણ બન્યા. સતત ઊંઘ ન મળવાથી હતાશ થઈને, પત્નીએ છૂટાછેડા માટે અરજી કરવાનું નક્કી કર્યું. "તે ખૂબ જ સારો છે, પણ હું આખી રાત જાગી શકતી નથી," તેણીએ ફેમિલી કાઉન્સેલરને કહ્યું.ડોક્ટરોના મતે, સ્થૂળતા અને બદલાતી જીવનશૈલીને કારણે નસકોરા અને સ્લીપ એપનિયાના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ સમસ્યા ફક્ત સ્વાસ્થ્ય પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે પરિવાર અને વૈવાહિક જીવનને પણ અસર કરી રહી છે.નિષ્ણાતો કહે છે કે જોરથી નસકોરાં બોલાવવાને સામાન્ય ન ગણવું જોઈએ. તે સ્લીપ એપનિયાનું લક્ષણ હોઈ શકે છે. આ સ્થિતિ ઊંઘ દરમિયાન શરીરમાં ઓક્સિજનનું સ્તર ૯૫ ટકાથી ઘટીને ૫૦-૬૦ ટકા થઈ શકે છે. આનાથી હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ વધે છે.

છાતી અને શ્વસન નિષ્ણાત ડૉ. પ્રખર અગ્રવાલના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૦ વર્ષમાં તેમના દ્વારા જોવામાં આવતા આવા દર્દીઓની સંખ્યા દર મહિને ૧૫-૨૦ થી વધીને ૫૦-૬૦ થઈ ગઈ છે. વધતી જતી સ્થૂળતા અને બદલાતી જીવનશૈલી આ પાછળના મુખ્ય કારણો છે.ભોપાલ સ્થિત ફેમિલી કાઉન્સેલર રીટા તુલી કહે છે કે નસકોરાને કારણે વૈવાહિક તણાવના કિસ્સાઓ વધી રહ્યા છે. તાજેતરમાં, એક યુગલનો સંબંધ છૂટાછેડાની અણી પર પહોંચી ગયો હતો. અન્ય ઘણા કિસ્સાઓમાં, યુગલોને તબીબી તપાસ અને સારવાર લેવાની સલાહ આપવામાં આવી છે. તેમના મતે, આ સમસ્યા પુરુષો અને સ્ત્રીઓ બંનેને સમાન રીતે અસર કરે છે.અમેરિકન એકેડેમી ઓફ સ્લીપ મેડિસિનના ૨૦૨૩ના સર્વે મુજબ, લગભગ ૩૫% અમેરિકન પુખ્ત વયના લોકો (લગભગ ત્રણમાંથી એક) એ અહેવાલ આપ્યો છે કે તેઓ સારી ઊંઘ મેળવવા માટે ક્યારેક અથવા નિયમિતપણે તેમના જીવનસાથીથી અલગ પલંગ અથવા રૂમમાં સૂવે છે.

### ત્રણ મહિના અલગ રહેવાની સલાહ આપી, પછી નિર્ણય બદલ્યો

કાઉન્સેલિંગ દરમિયાન, બંને પક્ષોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું અને તેમના પરિવારને બચાવવા માટે ત્રણ મહિના માટે અલગ રહેવાની સલાહ આપવામાં આવી. નિર્ધારિત સમય પછી, બંને કાઉન્સેલિંગ માટે પાછા ફર્યા. તેમણે કહ્યું કે આ સમય દરમિયાન, તેમને એકબીજાનું મહત્વ સમજાયું. બંને સંમત થયા કે સંબંધમાં કોઈ માનસિક કે શારીરિક શોષણ નથી અને ફક્ત નસકોરાના આધારે છૂટાછેડા અયોગ્ય રહેશે. ત્યારબાદ તેઓએ સાથે રહેવાનો નિર્ણય લીધો. જો અલગ સૂવાથી બંને ભાગીદારોની ઊંઘ, માનસિક સ્વાસ્થ્ય અને ક્રિયાપ્રતિક્રિયામાં સુધારો થાય છે, તો તે સંબંધમાં પરિપક્વતા દર્શાવે છે, અંતર નહીં.

# હેલ્થ સેફ્ટી મામલે FSSAIનું કડક વલણ

### ખોટા દાવા નહીં ચાલે; એનર્જી ડ્રિંક્સ પર FSSAIની કડક કાર્યવાહી

## રેડ બુલ, સ્ટિંગ, કેમ્પા એનર્જી ડ્રિંક કંપનીઓને FSSAIની નોટિસ




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ફૂડ રેગ્યુલેટર FSSAI એ રેડ બુલ અને પેપ્સિકો ઈન્ડિયા સહિત છ એનર્જી ડ્રિંક કંપનીઓને ખોટી બ્રાન્ડિંગ અને ગેરમાર્ગે દોરતા દાવાઓ બદલ નોટિસ ફટકારી છે. FSSAI એ કહ્યું કે તેણે એનર્જી ડ્રિંક્સ માટે કોઈ ધોરણો સૂચિત કર્યા નથી.પીણા બ્રાન્ડ્સને નોટિસ ફટકારીફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ બુધવારે ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે - FSSAI એ એનર્જી ડ્રિંક્સ હોવાનો દાવો કરતી ઘણી પીણા બ્રાન્ડ્સને નોટિસ ફટકારી છે, જેમાં તેમના પર ખોટી બ્રાન્ડિંગ અને ભ્રામક દાવા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.છ બ્રાન્ડ્સનો સમાવેશતેમાં કહેવામાં આવ્યું છે કે આ છ બ્રાન્ડ્સમાં રેડ બુલ એનર્જી ડ્રિંક, પેપ્સિકો એડ્રેનાલિન રશ એનર્જી ડ્રિંક, રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનું કેમ્પા એનર્જી ડ્રિંક - ગોલ્ડ બૂસ્ટ, સ્ટિંગ એનર્જી ડ્રિંક, હેલ એનર્જી અને કોકા-કોલાનું મોન્સ્ટર એનર્જી ડ્રિંકનો સમાવેશ થાય છે.ગ્રાહકોની ફરિયાદોના આધારે નોટિસઆ છ બ્રાન્ડ્સ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી ઉપલબ્ધ નહોતી. તાજેતરના દિવસોમાં, FSSAI એ ઘણા ફૂડ બિઝનેસ ઓપરેટરોને ખોટી બ્રાન્ડિંગ અને ગેરમાર્ગે દોરતા દાવાઓ અને જાહેરાતો માટે નોટિસ ફટકારી છે. તેણે ગ્રાહકોની ફરિયાદોના આધારે નોટિસ પણ ફટકારી છે.




### FSSAI નેસ્ટની ઈન્ડિયા પાસે સ્પષ્ટતાની માંગ

## મેગીનો મસાલો ટેસ્ટમાં ફેલ

### ચટાકેદાર મસાલામાં ત્રણ જંતુનાશકનું પ્રમાણ વધુ હોવાનો રિપોર્ટ સામે આવ્યો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતમાં કરોડો લોકોની પસંદગી ગણાતી મેગી ફરી એકવાર વિવાદોના કેન્દ્રમાં આવી શકે છે. ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે કાર્યરત એક કાર્યકર્તા દ્વારા કરાયેલા ખાનગી લેબ પરીક્ષણમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે મેગી મસાલાના નમૂનાઓમાં જંતુનાશકોનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ નોંધાયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પરીક્ષણના પરિણામોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે મેગી મસાલાના નમૂનાઓ યુરોપિયન યુનિયનના કડક જંતુનાશક ધોરણો તેમજ ભારતીય ખાદ્ય સુરક્ષા ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે. પરીક્ષણમાં ખાસ કરીને કાર્બોક્સિન સલ્ફોક્સાઇડ, કાર્બેરિલ અને સિમાઝીન જેવા ત્રણ જંતુનાશકોનું પ્રમાણ નિર્ધારિત મહત્તમ અવશેષ સ્તર (MRL) કરતાં વધુ હોવાનું જણાવાયું છે.દાવા મુજબ, આ નમૂનાઓ યુરોપિયન સંસદ અને કાઉન્સિલના રેગ્યુલેશન (EC) નંબર ૩૯૬/૨૦૦૫ તેમજ કાઉન્સિલ ડાયરેક્ટિવ ૯૧/૪૧૪/EEC હેઠળ નિર્ધારિત માપદંડોને પૂર્ણ કરતા નથી. પરીક્ષણ કરનારના જણાવ્યા અનુસાર, આ તારણો ગ્રાહકોના આરોગ્ય અને ખાદ્ય સુરક્ષા સંબંધિત ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે પરીક્ષણ કરનાર નિષ્ણાતે જણાવ્યું છે કે વિવિધ દેશોના ભૌગોલિક અને કૃષિ સંજોગોને ધ્યાનમાં લેતાં યુરોપિયન ધોરણો અને ભારતીય ધોરણોમાં તફાવત હોઈ શકે છે. જોકે, તેમની દલીલ અનુસાર અનુસાર બે અલગ-અલગ લેબ પરીક્ષણોમાં ભારતીય ધોરણો મુજબ પણ જંતુનાશકોનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોવાનું સામે આવ્યું છે, જે વધુ ચિંતાજનક બાબત ગણાય છે.

**લોકઅપ-2માં શ્રેયા કાલરાનો ચોંકાવનારો દાવો**

# આકાંક્ષા ચમોલા બાયસેક્સયુઅલ છે!



રિયાલિટી શો લોકઅપ સીઝન ૨માં એકથી વધુ એક ખુલાસા સામે આવી રહ્યા છે. જ્યાં શોમાં આકાંક્ષા ચમોલાએ ગૌરવ ખન્ના સાથે પોતાના છૂટાછેડાનો ખુલાસો કરીને બધાને હેરાન કરી દીધા હતા, હવે તેને લઈને શોની કન્ટેસ્ટન્ટ શ્રેયા કાલરાએ એક શોકિંગ સ્ટેટમેન્ટ આપ્યું છે. શ્રેયા કાલરાનું કહેવું છે કે આકાંક્ષા ચમોલા બાયસેક્સયુઅલ છે. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર શ્રેયા કાલરાએ તાજેતરના એપિસોડમાં કહ્યું કે આકાંક્ષા ચમોલા બાયસેક્સયુઅલ છે. શ્રેયા કાલરાએ સૂફી મોતીવાલા સાથેની વાતચીતમાં કહ્યું કે આકાંક્ષાનું એક સિક્રેટ મને ખબર છે. શ્રેયા કાલરાએ સિક્રેટ રિવિલ કરતા કહ્યું, તે એટલે કે આકાંક્ષા ચમોલા બાયસેક્સયુઅલ છે. તેણે મને જણાવ્યું હતું અને હવે આનો ઉપયોગ થઈ ચૂક્યો છે.

## બાયસેક્સયુઅલ એટલે શું?




બાયસેક્સયુઅલ એવી વ્યક્તિને કહેવાય છે, જેને પુરુષ અને મહિલા બંને પ્રત્યે રોમેન્ટિક અથવા જાતીય આકર્ષણ થઈ શકે. એટલે કે, વ્યક્તિનું આકર્ષણ માત્ર એક જ લિંગ સુધી મર્યાદિત રહેતું નથી. બાયસેક્સયુઅલ હોવું એ વ્યક્તિની જાતીય અભિરુચિ છે, જે તેની વ્યક્તિગત ઓળખનો એક ભાગ છે. આ બાબતનો અર્થ એવો નથી કે દરેક બાયસેક્સયુઅલ વ્યક્તિ એકસાથે બંને સાથે સંબંધ રાખે છે. દરેક વ્યક્તિની લાગણી, પસંદગી અને સંબંધો અલગ હોઈ શકે છે.

# મૌની રોયનું દરિયા કિનારે ફોટો શૂટ








ટીવીની દુનિયાથી બોલિવૂડ સુધીની સફર કરનાર હૉટ એન્ડ બ્યુટીફુલ એક્ટ્રેસ મૌની રોય ફરી એકવાર પોતાના બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં આવી છે. આ તસવીરોમાં મૌની ખૂબ જ કિલર પોઝ આપતી જોવા મળે છે. આ તસવીરોમાં મૌની રોય વ્હાઈટ બોડીકોન ડ્રેસમાં અલગ-અલગ પોઝ આપતી જોવા મળી રહી છે. આ તસવીરોમાં મૌની ખૂબ જ કિલર પોઝ આપતી જોવા મળે છે. આ તસવીરોમાં મૌની રોય વ્હાઈટ બોડીકોન ડ્રેસમાં અલગ-અલગ પોઝ આપતી જોવા મળી રહી છે. જેના પર ફેન્સ તરફથી જબરદસ્ત રિસ્પોન્સ જોવા મળી રહ્યો છે. મૌની રોય આ ડ્રેસમાં તેના કર્વી ફિગરને ફ્લોન્ટ કરતી જોવા મળે છે. જેના પર ફેન્સ તરફથી જબરદસ્ત રિસ્પોન્સ જોવા મળી રહ્યો છે. મૌની રોય આ ડ્રેસમાં તેના કર્વી ફિગરને ફ્લોન્ટ કરતી જોવા મળે છે.

# 60ની ઉંમરે આમિરના શનિવારે ત્રીજા લગ્ન



બૉલીવુડ સુપરસ્ટાર આમિર ખાન ત્રીજી વખત વરરાજા બનવા જઈ રહ્યો છે. બોલીવુડના મિસ્ટર પરફેક્શનિસ્ટ ૫ જુલાઈના રોજ તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ રહ્યા છે. આમિર અને ગૌરીના લગ્ન કેવા હશે, સ્થળ ક્યાં હશે અને કેટલા મહેમાનો હાજરી આપશે તે જાણવા માટે દરેક વ્યક્તિ ઉત્સુક છે. અહીં તેને લગતી તમામ ડિટેલ્સ આપવામાં આવી છે. આમિર ખાન અને ગૌરી સ્પ્રેટના લગ્ન અંગે સૂત્રો પાસેથી ઘણી વિગતો મળી છે. આ દંપતીના લગ્ન આમિર ખાનના મુંબઈ સ્થિત ઘરે પરિવારના સભ્યો અને નજીકના મિત્રોની હાજરીમાં થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આમિર ખાન અને ગૌરી સ્પ્રેટ ભવ્ય લગ્ન નહીં કરે. તેના બદલે, આ દંપતી ઘરે રજિસ્ટર્ડ લગ્નમાં લગ્ન કરશે. લગ્ન દિવસના પહેલા ભાગમાં થશે. આમિર ખાન અને ગૌરીના બાળકો પણ લગ્નમાં હાજરી આપશે. આમિર ખાન અને ગૌરીના ઘનિષ્ઠ રજિસ્ટર્ડ લગ્નમાં ભારતભરમાંથી મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# દરેક ધબકારામાં ‘બમ બમ ભોલે’ના નાદ




### 12 થી 18 ફુટનું ગુફામાં શિવલિંગ એક ચમત્કાર

## બરફનું શિવલિંગ આજેય રહસ્ય !

### વિજ્ઞાન આને આઈસ સ્ટેલેગમાઈટ પ્રક્રિયા કહે છે પણ આ રહસ્ય આજેય અકબંધ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

અમરનાથ યાત્રા શરૂ થઈ ચૂકી છે અને ૩ જુલાઈથી ભક્તો બાબા બર્ફાનીના દિવ્ય દર્શન કરી શકશે. પણ શું તમે જાણો છો કે માઈનસ ડિગ્રી તાપમાન ન હોવા છતાં, ગુફાની અંદર ૧૨ થી ૧૮ ફૂટ ઊંચું બરફનું શિવલિંગ કેવી રીતે બને છે? વિજ્ઞાન આને 'આઈસ સ્ટેલેગમાઈટ' પ્રક્રિયા કહે છે, પણ આ રહસ્ય આજેય અકબંધ છે! આ એ જ પવિત્ર ગુફા છે જ્યાં ભગવાન શિવે માતા પાર્વતીને 'અમરત્વની કથા' સંભળાવી હતી. કથા દરમિયાન માતા પાર્વતી ઊંઘી ગયા, પણ ત્યાં બેઠેલા કબૂતરના એક જોડાએ આખી વાર્તા સાંભળી લીધી અને તેઓ હંમેશા માટે અમર થઈ ગયા. આજે પણ શ્રાવણ મહિનામાં આ કબૂતરો અહીં જોવા મળે છે. અમરનાથ યાત્રાની શરૂઆત થઈ ચૂકી છે, અને ૩ જુલાઈથી અમરનાથ ગુફામાં શ્રદ્ધાળુઓ દિવ્ય બરફના શિવલિંગના દર્શન કરી શકશે. ભગવાન શિવના આ અદ્ભુત સ્વરૂપના દર્શન માટે દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ લાંબી અને કઠિન યાત્રા ખેડીને અહીં પહોંચે છે. દર વર્ષે અમરનાથ ગુફામાં કુદરતી રીતે બનતું બરફનું શિવલિંગ લોકોમાં આસ્થા અને જિજ્ઞાસાનો વિષય બનેલું રહે છે. તેના બનવા પાછળ ધાર્મિક માન્યતાઓ સાથે વૈજ્ઞાનિક કારણો પણ જોડાયેલા છે. અમરનાથ ગુફામાં બરફનું શિવલિંગ કેવી રીતે બને છે, તેની પાછળ શું માન્યતા અને વિજ્ઞાન છે, સાથે જ ભગવાન શિવ અને માતા પાર્વતી સાથે જોડાયેલી પૌરાણિક કથા વિશે પણ વિગતવાર જાણીશું. શિવજી જાણતા હતા કે, જો અમરત્વની કથા કોઈ અન્ય સાંભળી લે, તો તે પણ મૃત્યુના ચક્રમાંથી મુક્ત થઈને પૃથ્વી પર અમર થઈ જશે.

### બરફથી શિવલિંગ બનવાની કથા

રસપ્રદ વાત એ છે કે, દર વર્ષે અહીં બરફનું શિવલિંગ બનીને તૈયાર થઈ જાય છે, અને આ રહસ્યને આજ સુધી વિજ્ઞાન પણ ઉકેલી શક્યું નથી કે, આવું કેવી રીતે થાય છે. એવું કહેવાય છે કે, આ શિવલિંગનું નિર્માણ ગુફાની છત પરથી ટપકતા પાણીના ટીપાંથી થાય છે. પડતા ટીપાં એટલા ઠંડા હોય છે કે નીચે પડતા જ, બરફનું રૂપ લઈને કઠણ થઈ જાય છે. આ ક્રમ સતત ચાલતો રહે છે, અને બરફનું ૧૨ થી ૧૮ ફૂટ સુધી ઊંચું શિવલિંગ બની જાય છે. સતત પાણી ટપકતું રહે છે, જેના કારણે શિવલિંગ ઉપરથી ગોળ થઈ જાય છે.

### પ્રથમ જથ્થો બાબાના દર્શને નિકળ્યો

## અમરનાથ યાત્રાનો ધમાકેદાર પ્રારંભ



- 57 દિવસ યાત્રા ચાલશે 28 ઓગસ્ટ સંપન્ન થશે
- લોખંડી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શિવભક્તો રવાના

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

પ્રથમ જથ્થાની રવાના થવાની સાથે જ સમગ્ર ભગવતી નગર બેઝ કેમ્પ 'બમ બમ ભોલે' અને 'હર હર મહાદેવ' ના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો. શ્રદ્ધાળુઓમાં અનન્ય ઉત્સાહ, ભક્તિભાવ અને અનેરો ઉમંગ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, આ વર્ષે અમરનાથ યાત્રા કુલ ૫૭ દિવસ સુધી ચાલશે. ૩ જુલાઈ ૨૦૨૬થી શરૂ થનારી આ યાત્રા પરંપરાગત બંને રાજમાર્ગો પહલગામ અને બાલટાલથી આગળ વધશે અને ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના પવિત્ર રક્ષાબંધનના દિવસે સંપન્ન થશે.

ભક્તોની હિલચાલ, સુવિધા અને સુરક્ષાને આ વર્ષે સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી રહી છે. તેના ભાગરૂપે સમગ્ર યાત્રા માર્ગ પર અભૂતપૂર્વ અને અત્યંત ચુસ્ત સુરક્ષા કવચ ગોઠવી દેવાયું છે. કાશ્મીર ખીણના અત્યંત દુર્ગમ પહાડી રસ્તાઓ, સંવેદનશીલ ભૌગોલિક વિસ્તારો અને બંને મુખ્ય રાજમાર્ગો પર આધુનિક સુરક્ષા સાધનો દ્વારા બાજ નજર રાખવામાં આવશે. શ્રદ્ધાળુઓની કિલ્લા જેવી સઘન સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય સુરક્ષા દળોની આશરે ૬૭૦ જેટલી કંપનીઓ સક્રિયપણે તૈનાત કરવામાં આવી છે.

આ તૈનાત કરવામાં આવેલા સુરક્ષા જવાનો પળેપળની નાની-મોટી પ્રવૃત્તિઓ પર કડક નજર રાખી રહ્યા છે, જેથી ભક્તો ભયમુક્ત વાતાવરણમાં પોતાની આધ્યાત્મિક ચઢાઈ પૂર્ણ કરી શકે. જમ્મુથી લઈને કાશ્મીર સુધીના માર્ગો પર તંત્ર દ્વારા ઠેર-ઠેર લંગર, પીવાનું શુદ્ધ પાણી અને પ્રાથમિક તબીબી સહાય જેવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. આ સિવાય સ્થાનિક વ્યવસ્થાપન સમિતિઓ અને ડિઝાસ્ટર રેસ્ક્યુ ટીમોને પણ કોઈપણ કટોકટીની સ્થિતિ સામે પહોંચી વળવા હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.

અમરનાથ ગુફા કાશ્મીરના હિમાલય ક્ષેત્રમાં અંદાજે ૧૨,૭૫૬ ફૂટની અતિ મુશ્કેલ ઉંચાઈ પર સ્થિત છે, જે સમગ્ર વિશ્વના કરોડો સનાતન હિન્દુ શ્રદ્ધાળુઓ માટે ભક્તિનું કેન્દ્ર છે. અહીં પવિત્ર ગુફામાં કુદરતી રીતે બરફ ઓગળીને બનતું વિશાળ શિવલિંગ ભક્તો માટે કલ્યાણકારી અને અદ્ભુત ચમત્કાર સમાન માનવામાં આવે છે. અસાધારણ ઠંડી અને ભૌગોલિક પડકારો વટાવીને પણ લાખોની સંખ્યામાં ભક્તો દર વર્ષે મહાદેવની આ ગુફાના દર્શનાર્થે અચૂક પહોંચે છે.

ધાર્મિક અને પૌરાણિક માન્યતાઓ અનુસાર, આ પવિત્ર ગુફા એ જ સ્થળ છે જ્યાં જગતપિતા ભગવાન શિવે માતા પાર્વતીને સૃષ્ટિના ગૂઢ રહસ્યો અને અમરત્વ આપતી અમર કથા સંભળાવી હતી.

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વૉર્ડ – તમારો હક

લાઈટ બંધ રહે છે?




ગંદુ પાણી આવે છે?



રસ્તા તૂટેલા છે?



ગંદકી અને સફાઈની સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય – "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી

### ગાંધીગ્રામ-2 પોલીસના હત્યાના પ્રયાસના ગુનામાં હાઈકોર્ટનો મહત્વનો આદેશ

# ચાર્જશીટ બાદ હત્યાના પ્રયાસના આરોપીને હાઈકોર્ટના જામીન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના પ્રયાસના ગુનામાં ગુજરાત હાઈકોર્ટે આરોપી હિરેન ઉર્ફે કાનો રેવાભાઈ ધોળકિયાને ચાર્જશીટ દાખલ થયા બાદ કડક શરતોના આધારે નિયમિત જામીન મંજૂર કર્યા છે.

પોલીસ ફરિયાદ મુજબ, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર અનુસાર ફરિયાદી અને આરોપી વચ્ચે અગાઉ પ્રેમસંબંધ હતો. આ દરમિયાન રૂપિયાની લેતીદેતી થઈ હતી. ફરિયાદીએ પોતાના રૂપિયા પરત માંગતા આરોપીએ ખાર રાખી લોખંડના પાઈપ વડે હુમલો કરી હાથ, પગ, માથા



એડવોકેટ ગૌરાંગ રાઠોડ | એડવોકેટ કરશનભાઇ ભરવાડ | એડવોકેટ શૈલેષભાઈ વકાતર

## પ્રેમસંબંધ અને રૂપિયાની લેતીદેતીના વિવાદમાં નોંધાયેલા ગુનામાં કડક શરતો સાથે રાહત; પાર્થ લો ફર્મના વકીલોની દલીલ ગ્રાહ્ય

તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ બનાવમાં પોલીસે બી.એન.એસ.ની કલમ ૧૧૭(૩), ૩૫૧(૩), ૩૫૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપી તરફથી રજૂ થયેલી દલીલોને ધ્યાનમાં લઈ ગુજરાત હાઈકોર્ટે કેસની પરિસ્થિતિનો અભ્યાસ કરીને આરોપીને કડક શરતોના આધારે નિયમિત જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી તરફે પાર્થ લો ફર્મના એડવોકેટ ગૌરાંગ આર. રાઠોડ, શૈલેષ આર. વકાતર, કરશન એન. ભરવાડ (મીર), રીના રાજપૂત અને કોમલ ચૌહાણે વકીલાત કરી હતી. જ્યારે ટ્વિન્કલ જી. રાઠોડ અને ધ્રુવી દલસાણીયાએ આસિસ્ટન્ટ તરીકે કામગીરી સંભાળી હતી.










### સ્ટેટ GST વિભાગની સરપ્રાઈઝ કાર્યવાહીએ વેપારીઓમાં ફફડાટ

# સોમનાથમાં 15 હોટલ અને ગેસ્ટહાઉસ પર GSTના દરોડા

### આસિસ્ટન્ટ કમિશનર કે.જે. ગોહિલની રાહબરી હેઠળ ચાર ટીમોનું એકસાથે ચેકિંગ; બિલિંગ, રિટર્ન અને હિસાબી દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ

**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ**

દેશભરના લાખો શ્રદ્ધાળુઓના આસ્થાકેન્દ્ર એવા યાત્રાધામ સોમનાથમાં સ્ટેટ GST વિભાગે ટેક્સચોરી સામે સરપ્રાઈઝ કાર્યવાહી હાથ ધરી હતી. આસિસ્ટન્ટ કમિશનર કે.જે. ગોહિલની રાહબરી હેઠળ ચારથી વધુ ટીમોએ પોલીસ બંદોબસ્ત સાથે એકસાથે આશરે ૧૫ હોટલ અને ગેસ્ટહાઉસમાં તપાસ શરૂ કરતાં વેપારી વર્તુળોમાં ભારે દોડધામ અને ફફડાટ ફેલાયો હતો.

GSTની ટીમોએ હોટલોમાં પહોંચી રજીસ્ટ્રેશન, ટેક્સ રિટર્ન, બિલિંગ સિસ્ટમ, રોકડ અને ડિજિટલ વ્યવહારો, એકાઉન્ટ બુક તેમજ ખરીદી-વેચાણના દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી હાથ ધરી હતી. તપાસ દરમિયાન હોટલ કૃષ્ણા, હોટલ શિવશક્તિ, હોટલ રુદ્રા, હોટલ શિવમ, હોટલ શિવ કૃપા, હોટલ કૈલાસ, હોટલ શિવ સહિત અન્ય હોટલ અને ગેસ્ટહાઉસનો સમાવેશ થયો હતો. અધિકારીઓએ વાસ્તવિક ટર્નઓવર અને GST હેઠળ દર્શાવાયેલી આવક વચ્ચે કોઈ વિસંગતતા છે કે નહીં તેની પણ તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.સૂત્રોના જણાવ્યા મુજબ, યાત્રાધામ સોમનાથમાં હોટલ ઉદ્યોગમાં થતા મોટા વ્યાપારને ધ્યાનમાં રાખી ટેક્સચોરી અટકાવવા અને કરવેરા વ્યવસ્થામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે વિભાગ દ્વારા સમયાંતરે આવી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તપાસ પૂર્ણ થયા બાદ દસ્તાવેજોનું વિશ્લેષણ કરવામાં આવશે અને જ્યાં ટેક્સચોરી અથવા GST કાયદાના ભંગના પુરાવા મળશે ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.


સમાચાર લખાય છે ત્યાં સુધી સ્ટેટ GST વિભાગ દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નહોતું તેમજ કોઈ અનિયમિતતા કે ટેક્સચોરી અંગેની વિગતો પણ જાહેર કરવામાં આવી નહોતી.

# મંદિરમાં જવા મુદ્દે પરિવારને હડધૂત કરી જાનથી મારી નાખવાની ધમકી

### મંદિરના સંચાલક સહીત ચાર શખ્સોએ દંપતિને ગાળો ભાંડી: એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રતનપર ગામે હનુમાનજીના મંદિરમાં જવા મુદ્દે દંપતીને અટકાવી જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ થતાં કુવાડવા રોડ પોલીસ મથકમાં મંદિરના સંચાલક સહિત ચાર શખ્સ સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસ ફરિયાદ મુજબ, રાજકોટ-મોરબી હાઈવે પર રતનપર ગામના પાટિયા પાસે આવેલી જલારામ સોસાયટીમાં રહેતા રાજેશભાઈ હમીરભાઈ જાદવે રાજુ રામાવત, મયુર રાજુ રામાવત, હેતલ ચંદ્રેશ ભલસોડ અને ચંદ્રેશ ભલસોડ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, સોસાયટીમાં આવેલા હનુમાનજીના જાહેર મંદિરમાં ફરિયાદી અને તેમના પરિવારને જવા દેવામાં આવતા ન હતા. આ અંગે ગામના સરપંચને રજૂઆત કરતાં તેમણે જાહેર મંદિર હોવાથી સૌને દર્શન કરવાનો અધિકાર હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ફરિયાદીના પત્ની સપનાબેન મંદિરે ગયા હતા. બીજા દિવસે આરોપીઓએ ફરિયાદીના પરિવાર સાથે બોલાચાલી કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલ્યા હતા તેમજ "તમને મંદિરમાં જવાનો અધિકાર નથી, તમે મંદિર અભડાવી દીધું છે" તેમ કહી કોલર પકડી મારપીટ કરવાની તથા સમગ્ર પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદના આધારે કુવાડવા રોડ પોલીસે એટ્રોસિટી એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તપાસ અને તજવીજ હાથ ધરી છે.



# પેલેસ રોડ ઉપર રીક્ષા આંતરી કિન્નરનો કિન્નર ઉપર હુમલો

## પરાપીપળીયા રહેતા કિન્નર મીરા દે સહીત બે સામે ગુનો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના પેલેસ રોડ પર રામ ઔર શ્યામ ગોલા વાળાની દુકાન સામે કિન્નરને રસ્તામાં રોકીમારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે એ-ડિવિઝન પોલીસે બે શખ્સ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

એ-ડિવિઝન પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ રામનાથપરા જુમ્મા મસ્જિદ ચોક પાસે બોઘાણી શેરીમાં રહેતી સમીરા દે ગોપી દે(ઉ.વ.૨૦) જ્યુબિલી ચોકથી કોઠારિયા મેઈન રોડ તરફ રિક્ષામાં ખુશ્બુ દે કિન્નર સાથે જઈ રહી હતી. સાંજે પેલેસ રોડ પર રામ ઔર શ્યામ ગોલા વાળાની દુકાન સામે પહોંચતા પરાપીપળિયા ગામના મકસુદ શબીરભાઈ શેખ અને મીરા દે કાળા રંગની સ્કોર્પિયો કાર લઈને આવ્યા હતા. આરોપીઓએ રિક્ષાની આગળ કાર ઊભી રાખી રિક્ષા રોકાવી હતી ફરિયાદ મુજબ બંને રિક્ષાચાલક ફરિયાદ આરોપીઓએ અમનભાઈ તેમજ સમીરા દેને અપશબ્દો બોલ્યા હતા. ત્યારબાદ મીરા દે ઝપાઝપી કરી ધક્કો મારતાં સમીરા દે રિક્ષા સાથે અથડાઈ ગયા હતા અને ઢોલ-ધપાટનો માર માર્યો હતો. એટલું જ નહીં, "બે દિવસમાં તારા ઘરે આવી જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. દરમિયાન ખુશ્બુ દે વચ્ચે પડતાં તેમને પણ ગાળો આપવામાં આવી હતી. આસપાસ લોકો એકત્ર થતાં બંને આરોપીઓ સ્કોર્પિયો લઈને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સમીરા દેની ફરિયાદ આધારે એ-ડિવિઝન પોલીસે બે આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બાંધકામ સાઈટોને નિશાન બનાવતી ગેંગ ઝડપાઈ

## સગીર સહિત 6 ઝડપાયા, 134 એલ્યુમિનિયમ પ્લેટ રીક્ષા, છોટા હાથી સહિત 18 લાખનો મુદ્દામાલ કબજે; 2 આરોપી ફરાર

સિટી ન્યૂઝ@રાજકોટ




શહેર ક્રાઈમ બ્રાન્ચે બાંધકામ સાઈટો પરથી એલ્યુમિનિયમ પ્લેટો ચોરતી ગેંગના સગીર સહિત કુલ ૬ સાગરીતોને ઝડપી પાડી, ચાર અનડીટેક્ટ ચોરીના ગુનાઓનો પર્દાફાશ કર્યો છે. આ ગુનામાં ફરાર બે શખસોની શોધખોળ આદરી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને ડીસીપી ક્રાઈમના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચે બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, ડામોર, જાળવણી રાહબરીમાં પીએસઆઈ અનિરૂધ્ધસિંહ પરમારની ટીમને મળેલી બાતમી આધારે મૂળ ચોટીલાના હાલ કણકોટ રોડ પર રહેતા રોહિત ઉર્ફે બાવલો મનજીભાઈ વાઘેલા, ભીમનગર સર્કલ પાસે રહેતા કલ્પેશ અર્જુનભાઈ માથાસુરીયા, ભંડારીયાના મનોજ કાંતિભાઈ સોલંકી, ડુંગરપુરનો રાજેશભાઈ ઉર્ફે રાજુ દેવશીભાઈ કુકડીયા, ખોખડદળના કિશન કાથળભાઈ સોલંકી અને એક બાળ કિશોરને ઝડપી લીધા હતાં. જ્યારે ચોરીના આ ગુનામાં સંડોવાયેલ અશ્વિન સુરેશભાઈ સાડમિયા અને વિજય ધીરૂભાઈ જખનિયાની શોધખોળ હાથ ધરી છે જેને પકડી લેવા પોલીસે કવાયત હાથ ધરી છે પોલીસે ૧૪.૫૪ લાખની ૧૩૪ પ્લેટ, એક રીક્ષા અને એક છોટા હાથી સહીત ૧૮ લાખ ૪ હજારનો મુદામાલ કબ્જે કર્યો છે આ શાતિર ગેંગ રાત્રીના અંધારામાં મોઢે બુકાની બાંધી કન્સ્ટ્રક્શન સાઈટોને નિશાન બનાવતી હતી.

## સુસાઈડ નોટના આધારે મોરબી, સુરત, મુંબઈના પિતા-પુત્ર સહિત 8 સામે ગુનો; એસિડ પી જીવન ટૂંકાવ્યું

# પઠાણી ઉઘરાણીથી કંટાળી સોની વેપારીએ કર્યો આપઘાત

સિટી ન્યૂઝ@રાજકોટ


રાજકોટના કેવડાવાડીમાં રહેતાં ગીતાબેન શિરીષભાઈ રાણપરા ઉ.૫૮એ મોરબીના હાર્દિક ભરતભાઈ ગોસ્વામી, મુંબઈના ભરત ગોસ્વામી, સુરતના વિનોદભાઈ, અરવિંદભાઈ ગઢવી તેમજ વિપુલભાઈ, રવિભાઈ, યશભાઈ, ભાઈજી નામના શખ્સો વિરૂધ્ધ પુત્ર તેજસને મરવા મજબુર કરવા અંગે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે મારે સંતાનમાં બે દિકરા તેજસભાઈ અને રૂપેશભાઈ છે પાંચ વર્ષ પહેલા મારા બંને દિકરાઓ દેવપરા શક્તિ હોટેલવાળી શેરીમાં બી.એમ.જ્વેલર્સ નામે સોના-ચાંદીના દાગીનાની દુકાન ચલાવતા હતા. મોટો દીકરો તેજસભાઈ દાગીનાની ખરીદ-વેચાણનું કામ કરતો હતો ૨૦૨૫ના ડિસેમ્બરમાં તેણે પરિવારને જણાવ્યું હતું કે તેણે મોરબીના હાર્દિકભાઈ ગોસ્વામી અને તેમના પિતા ભરતભાઈ ગોસ્વામી પાસેથી સોનાના દાગીના ખરીદ્યા હતા જેમાં ધંધામાં નુકસાન જતા ૨૦ લાખ રૂપિયા ચુકવવાના બાકી નીકળતા હતા. આ પૈસાની ઉઘરાણી કરવા આ બંને દુકાને આવી ધમકી આપે છે બાદ હાર્દિકભાઈએ મુંબઈના સોનાના વેપારી વિનોદભાઈ સાથે ઓળખાણ કરાવી આશરે ૩૦ લાખના દાગીના મંગાવ્યા હતા જેના નાણાં ચુકવવા માટે તેજસભાઈએ સુરતના અરવિંદભાઈ ગઢવી પાસેથી ઉછીના પૈસા લીધા હતા. જો કે, વિનોદભાઈએ પુરતો માલ ન મોકલતા આખું રોટેશન ફરી ગયું હતું. આ સિવાય અન્ય શખ્સો વિપુલભાઈ, રવિભાઈ, યશભાઈ અને ભાયજી નામના વ્યક્તિઓ સાથે પણ સોનાના દાગીનાની ખરીદ-વેચાણના કારણે નાણાંકીય લેણદેણ ઊભી થઈ હતી.

તેજસભાઈએ આ તમામને કટકે-કટકે નફા સાથે રકમ ચુકવી હોવા છતાં તેઓ વધુ નાણાંની માંગણી કરતા હતા મોરબીના ભરતભાઈ અને કાંતિભાઈ નામના શખ્સો રાજકોટ ખાતે દુકાને આવી ઉઘરાણી બાબતે બોલાચાલી કરીને-જો પૈસા નહીં આપે તો તને જીવવા નહીં દઉં તેવી ગર્ભિત ધાક-ધમકીઓ આપી હતી. આ ઉપરાંત મુંબઈના વિનોદભાઈ, સુરતના અરવિંદભાઈ ગઢવી સહિતના અન્ય આરોપીઓ પણ અવારનવાર ફોન કરીને માનસિક ત્રાસ આપતા હતા અને પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકીઓ આપતા હતા આ બધાની ધમકીઓ અને અસહ્ય માનસિક ત્રાસથી કંટાળી ગત તારીખ ૧૯ના રોજ તેજસભાઈએ પોતાની જ દુકાનમાં નાઈટ્રિક એસિડ પી લીધું હતું સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન ગત તા.૨૨ના રોજ મૃત્યુ થયું હતું તેજસભાઈના પેન્ટના ખિસ્સામાંથી એક સુસાઈડ નોટ મળી આવી હતી જેમાં આરોપીઓના ત્રાસનો ઉલ્લેખ કરાયો હતો. આ ચિઠ્ઠી ગીતાબેને પોલીસ સમક્ષ રજૂ કરતાં તેના આધારે તમામ સામે પુત્રને મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવતા ભક્તિનગર પીઆઈ જે. ડી. પરમાર સહિતની ટીમે વધુ તપાસ હાથ ધરી છે.

# નીશીએ કહ્યું ગોપાલ તું નથી એટલે મને તારા વગર ગમતુ નથી, પપ્પા પણ કહે છે કે ઘરે આવ તો જ હું ઘરે જઉ





પ્રશાંત દયાળ

ગોપાલ અને નિશીનાં પ્રણયની શરૂઆત થઈ ત્યારે ગોપાલ પહેલી વખત નિશીને આ જ બગીચામાં લઈ આવ્યો હતો. પછી તો તેમની મુલાકાતોનું કાયમી સરનામું પણ આ બગીચો જ બની ગયો હતો. નિશી અને ગોપાલ બંનેની આંખમાં જૂની યાદો દોડી આવી. નિશીને જાણે કોઈ સરપ્રાઇઝ મળી હોય એવો આનંદ તેના ચહેરા પર હતો. બંને બગીચામાં દાખલ થયાં. નિશીને લાગી રહ્યું હતું કે, એક એક ઝાડ, ફુલોનો એક એક છોડ, એક એક બાંકડો તેનાં પરિચિત છે! તે બંનેને સાથે આવેલાં જોઈને વૃક્ષ પણ જાણે ખુશ થઈ ગયાં હોય; એવું તેમને લાગી રહ્યું હતું. ગોપાલે પૂછ્યું, “નિશી?” “હંઅંઅં?” નિશીએ સામે પ્રશ્ન કર્યો.ગોપાલે બગીચામાં દૂર સુધી નજર દોડાવતાં પૂછ્યું, “તને યાદ છે? આપણે કયા બાંકડે બેસતાં હતાં?”નિશીએ આસપાસ નજર દોડાવી અને યાદ કરીને કહ્યું, “હા, પેલી કરેણનાં ઝાડ નીચેના બાંકડા પર.” ગોપાલનાં અંતરનો આહ્‌લાદ તેના ચહેરા પર વર્તાતો હતો. બગીચામાં ઘણાં યુગલ બેઠાં હતાં, પણ નિશી અને ગોપાલ માટે જાણે બાંકડો રિર્ઝવ હતો! તે વખતે એ ખાલી હતો. નિશીને લાગ્યું કે, જાણે બાંકડો પણ એ બંનેની જ રાહ જોઈ રહ્યો છે! ગોપાલ અને નિશી પોતાની કાયમની જગ્યાએ જઈને બેઠાં. બંનેનાં મનમાં એક જુદો જ રોમાંચ હતો.ઘણી વખત માણસ પાસેથી ભૂતકાળ વહી જાય, ત્યારે તેને વાગોળવામાં સુખ મળતું હોય છે. એવું જ કંઈક આ બંનેના મનમાં ચાલી રહ્યું હતું. અચાનક ગોપાલનું ધ્યાન એક માણસ પર પડ્યું. તેણે નિશીનો હાથ પકડતાં કહ્યું, “નિશી, જો પેલાને.”નિશીએ જોયું, તો બગીચામાં ચણાજોરગરમ વેચવા વાળો એક ભાઈ ફરી રહ્યો હતો. નિશીએ જાણે કોઈ ફિલ્મનો હિરો જોયો હોય; એવો ઉલ્લાસ તેના ચહેરા પર આવી ગયો. આ એ જ ભૈયાજી હતો, જેમની પાસેથી ગોપાલ અને નિશી જ્યારે આવે ત્યારે ચણાજોરગરમ લેતાં હતાં. ગોપાલે નિશી સામે જોયું અને પૂછ્યું, “ખાઈશું?”નિશીએ નાનાં બાળકની જેમ માથું હલાવીને હા પાડી. ગોપાલે તરત બૂમ પાડી, “ઓ ભૈયાજી.”પેલો ચણાજોરગરમવાળો તેમની પાસે આવ્યો અને કહ્યું, “બોલો સાબ?”ગોપાલે કહ્યું, “બીસ કા બના દો.”પેલા ભૈયાજીએ પોતાના થેલામાં રહેલી વાટકીનાં માપ પ્રમાણે ચણાજોર લીધાં. બારીક ડુંગળી અને ટમેટાં કાપવા લાગ્યો. ગોપાલે તેને પૂછ્યું, “હમે પહેચાનતે હો?” પેલાએ ગોપાલ અને નિશી સામે ધ્યાનથી જોયું. તેનો ચહેરો કહી રહ્યો હતો કે, ઓળખાણ પડતી નથી. ગોપાલે એને યાદ કરાવતાં કહ્યું, “ભૈયા, ચાર સાલ કે બાદ આયે હે. આપ કૈસે પહેચાનોગે?”પેલાએ ડુંગળી-ટમેટાં ભેગાં કરેલાં ચણાજોરગરમમાં મસાલો અને લીંબુ લગાવી મિક્ષ કરવાં માટે કાગળની ભુંગળી બનાવી. પછી તેને ઉપરનીચે કર્યાં અને પડીકું બનાવી ગોપાલને હાથમાં આપ્યા. ગોપાલે વીસ રૂપિયાની નોટ ભૈયાજીના હાથમાં મૂકી. એ લઈને ભૈયાજી ત્યાંથી રવાના થયો. બંનેએ ચણાજોરગરમ ખાવાની શરૂઆત કરી.ગોપાલ જૂના દિવસોને યાદ કરી રહ્યો હતો કે, એ દિવસો કેટલા સારા હતા! નિશી હજી ચણાજોર ખાઈ રહી હતી. એનો ચહેરો કહી રહ્યો હતો કે, એને ખૂબ તીખું લાગી રહ્યું છે. ગોપાલે એનાં કપાળ પર બાજેલી પરસેવાની બુંદો જોઈ. ખિસ્સામાંથી રૂમાલ કાઢી તેનાં કપાળ પર રહેલો પરેસેવો લૂંછતાં કહ્યું, “પાણી લઈને આવ્યો.”એમ કહી તે ઊભો થયો અને બગીચાના દરવાજા પાસે બેસેલા પાણીવાળા પાસેથી પાણીનાં બે પાઉચ લઈ આવ્યો. સાંજ ઢળી ગઈ હતી. બગીચાની લાઇટ્સ ઝગમગવા લાગી હતી. બગીચાની વચ્ચે આવેલા ફુવારાનો અવાજ પણ આવી રહ્યો હતો. નિશી અને ગોપાલ જૂના સ્મરણો વાગોળી રહ્યાં હતાં. અચાનક ગોપાલને કંઈક યાદ આવ્યું. તેણે નિશીનો હાથ પકડતાં કહ્યું, “નિશી, તારા પપ્પા જે વાત કરી રહ્યા છે, એનું શું કરવાનું?”નિશીએ ગોપાલના હાથ પર પોતાનો હાથ મૂકતાં કહ્યું, “શું કરવાનું? આપણે કંઈ નથી કરવાનું.”ગોપાલે કહ્યું, “પણ પપ્પા તો કહે છે કે, આપણે અલગ થઈ જવું જોઈએ. એની વાત કરું છું.”નિશી એકદમ શાંત થઈ ગઈ. થોડી વાર કંઈ જ બોલી નહીં. પછી તેણે કહ્યું, “પપ્પાએ મારી સાથે વાત કરી હતી. તે મને પૂછી રહ્યા હતા કે, આવી જિંદગી તું ક્યાં સુધી જીવીશ? ગોપાલ જેલમાં છે અને તું અહીંયા એકલી રહે છે, એ જોઈને મારો જીવ બળે છે.”નિશી આટલું બોલીને ચૂપ થઈ ગઈ. ગોપાલે પૂછ્યું, “તો તે શું કહ્યું?”નિશીએ ગોપાલની આંખમાં જોઈને પૂછ્યું, “શું કહું? મારી પાસે એનો કોઈ જવાબ જ નથી. પપ્પા એમની જગ્યાએ સાચા છે, પણ હું તને કેવી રીતે છોડી શકું?”આટલું બોલતાં નિશીની આંખના ખૂણા ભીના થયા. ગોપાલ પણ કંઈ બોલી શક્યો નહીં. તેમની વચ્ચે લાંબો સમય સુધી નીરવ શાંતિ છવાયેલી રહી.

આ દરમિયાન ગોપાલે પોતાની જાતને નિશીની જગ્યાએ મૂકીને જોઈ અને આખી ઘટનાને સમજવાનો પ્રયત્ન કર્યો. તેને પણ લાગી રહ્યું હતું કે, ખરેખર; આ વાતનો કોઈ જ જવાબ નથી. કારણ કે ગોપાલ પણ જાણતો નહોતો કે, હાઈકોર્ટમાં તેની અપીલ ક્યારે ચાલશે? અને ક્યારે તે જેલમાંથી છુટશે? જો હાઈકોર્ટ ન છોડે તો દસ વર્ષ તો જેલમાં રહેવાનું પાક્કું જ હતું. ગોપાલને પણ લાગ્યું કે, નિશીના પપ્પા પણ પોતાની જગ્યાએ સાચા જ છે. એક દીકરીનો બાપ દીકરીની ચિંતા કરે એમાં કંઈ ખોટું નથી. જેલમાં રહ્યા પછી ગોપાલમાં એક પરિવર્તન આવ્યું હતું. પહેલાં તે પોતાને જ સાચો માનતો હતો; પણ હવે એ સામેની વ્યકિત પણ સાચી હોઈ શકે, એવો વિચાર કરતો થયો હતો.

લગભગ અડધો કલાક સુધી બંને એકબીજાનો હાથ પકડીને બેસી રહ્યાં. તેમની વચ્ચે કોઈ જ સંવાદ ન થયો. ગોપાલ અને નિશીનાં મનમાં કદાચ એકસરખી જ ગડમથલ ચાલી રહી હતી. નિશીએ વાતને આગળ વધારતાં કહ્યું, “તું ઘરે નથી તો મને ગમતું નથી. દિવસો તો કેમેય કરી નીકળી જાય છે; પણ દરેક રાત જાણે મને ખાવા દોડતી હોય એવું લાગે છે.”ગોપાલને નિશીની વાત સમજાતી હતી. તે કહેવા માગતો હતો કે, મારી પણ જેલમાં આવી જ સ્થિતિ છે. પણ તે કહી શક્યો નહીં. કારણ, પોતાની સ્થિતિ માટે ગોપાલ પોતે જ જવાબદાર હતો. પણ નિશી તો ગોપાલની સજા ભોગવી રહી હતી! ગોપાલને જેલમાં રહીને સમજાયું કે, કોર્ટ કોઈ ગુના માટે એક જ વ્યકિતને સજા કરે છે; પણ ખરેખર તો જેલમાં જનારાના પરિવારને પણ જેલની બહાર સજા જેવી જ જિંદગી જીવવી પડતી હોય છે.નિશીએ કહ્યું, “મારા પપ્પા કહેતા હતા કે, થોડા દિવસ ઘરે આવી જા.”આટલું બોલીને નિશીએ ગોપાલની આંખમાં જોયું. ગોપાલે કહ્યું, “પપ્પાના ઘરે જવું છે, તો મને શું પૂછવાનું? તું પપ્પાના ઘરે જઈ આવ.”નિશી કંઈ બોલી નહીં, બસ ગોપાલનો હાથ પકડીને બેસી રહી. થોડીવાર પછી ગોપાલે પૂછ્યું, “જઈશું?”નિશીએ હકારમાં માથું હલાવ્યું. બંને બગીચાની બહાર નીકળ્યાં. ત્યાંથી મહાલક્ષ્મી તરફ જતાં રસ્તા પર ગોપાલે સ્કૂટી વાળી. નિશીએ પૂછ્યું, “આમ ક્યાં?”ગોપાલે હસતાં હસતાં કહ્યું, “મમ્મીએ જમવાનું બનાવ્યું નથી.” નિશીને યાદ જ નહોતું કે, ઘરે જમવાનું બનાવવાની ના કહીને નીકળ્યાં છીએ; પણ ગોપાલને એ યાદ હતું. મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે રોડની ડાબી બાજુએ એક ઢોંસાવાળો બેસે છે. એના ઢોંસા નિશીને ખૂબ ભાવતા હતા એટલે ગોપાલે સીધી ઢોંસાવાળાની લારી પાસે જઈને સ્કૂટી ઊભી રાખી. નિશીના ચહેરા પર ચમક આવી ગઈ. કદાચ ગોપાલ જેલમાં ગયો એ પછી, તેણે પણ ઢોંસા ખાધા હોવાનું તેને યાદ નહોતું. બંને ઢોંસા ખાવાં બેઠાં.ત્યાંથી નીકળતાં રાતના દસ વાગી ગયા હતા. ગોપાલ અને નિશી ઘર તરફ નીકળ્યાં. આખા રસ્તે ગોપાલ કોર્પોરેશનની લાઇટ્સથી ઝગમગી રહેલાં પોતાનાં ગમતાં શહેરને જોઈ રહ્યો હતો. (ક્રમશઃ)

### ‘Today’s Awareness, Tomorrow’s Prevention’ થીમ હેઠળ સલામતી સપ્તાહની ઉજવણી

# રાજકોટમાં વિજ સલામતી રેલીથી જનજાગૃતિનો સંદેશ

## નાગરિકોને વીજ સલામતીના નિયમોનું પાલન કરવા અપીલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં તા. ૨૬ જૂનથી ૨ જુલાઈ દરમિયાન ઉજવાયેલા ’Today’s Awareness, Tomorrow’s Prevention’ થીમ આધારિત સલામતી સપ્તાહ અંતર્ગત ગુરુવારે પીજીવીસીએલ શહેર વર્તુળ કચેરી દ્વારા વિજ સલામતી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીનો મુખ્ય હેતુ નાગરિકોમાં વીજ સલામતી અંગે જાગૃતિ લાવવાનો અને અકસ્માતમુક્ત સમાજના નિર્માણ માટે સલામતીના નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવાનો હતો.

અધિક્ષક ઈજનેર ટી. એન. વોરાના માર્ગદર્શન હેઠળ શહેર વર્તુળ કચેરી, નાના મવા રોડ ખાતેથી પ્રસ્થાન કરેલી રેલી રાજનગર ચોક, પંડિત દીનદયાળ રોડ, અમીન માર્ગ, પંચાયતી મેઈન રોડ, અતિથિ ચોક અને લક્ષ્મીનગર ચોક સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ પરત શહેર વર્તુળ કચેરી ખાતે પૂર્ણ થઈ હતી.






રેલી દરમિયાન વીજ સલામતી અંગેના સૂત્રોચ્ચારો, બેનરો અને જનજાગૃતિ સંદેશો દ્વારા લોકોને વીજ ઉપકરણોનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરવા, વીજ અકસ્માતોથી બચવા તથા સલામતીના નિયમોનું કડક પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે પીજીવીસીએલના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિતોએ વિજ સલામતીને જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવવા અને સુરક્ષિત સમાજના નિર્માણમાં સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.




### ઈન્ડિયન રેલ્વે પેન્શનર્સ એસોસિએશન દ્વારા રાષ્ટ્રીય ડોક્ટર્સ દિવસની ઉજવણી

# રાજકોટમાં ડોક્ટર્સ ડે નિમિત્તે ડોક્ટરોનું સન્માન

## ઈન્ડિયન રેલ્વે પેન્શનર્સ એસોસિએશનના કાર્યક્રમમાં પેન્શનરો અને પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા; સામાજિક એકતાનો સંદેશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ભક્તિનગર ખાતે ઈન્ડિયન રેલ્વે પેન્શનર્સ એસોસિએશન (IRPA) દ્વારા રાષ્ટ્રીય ડોક્ટર્સ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલવે સ્ટેશન નજીક આવેલી IRPA ભક્તિનગર ઓફિસ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રેલ્વે પેન્શનરો, ફેમિલી પેન્શનરો અને તેમના પરિવારજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ આપતા ડોક્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિતોએ



ડોક્ટરોની નિસ્વાર્થ સેવા અને સમાજ પ્રત્યેના યોગદાનને બિરદાવ્યું હતું. કાર્યક્રમમાં પેન્શનરો વચ્ચે પરસ્પર સંવાદ, મિલન અને સામાજિક એકતાનું વાતાવરણ સર્જાયું હતું.

અંતે સૌએ સહભોજનનો આનંદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં પેન્શનરો વચ્ચે એકતા, સ્નેહ અને સંગઠનની ભાવના વધુ મજબૂત બનતી જોવા મળી હતી.કાર્યક્રમને સફળ બનાવવા ઈન્ડિયન રેલ્વે પેન્શનર્સ એસોસિએશન ભક્તિનગરના પ્રમુખ ભરત જોશી, ઉપપ્રમુખ દેવશીભાઈ વિરાડિયા, સેક્રેટરી રાજીવ તિવારી, ઉપપ્રમુખ અખેરાજ ગોહેલ તેમજ રેલવે પેન્શનર્સ એસોસિએશન રાજકોટના સેક્રેટરી એલ.ડી. વાઘમારે, ઉપપ્રમુખ જીતુ ચંડોક સહિતના હોદ્દેદારોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

## એટીએમમાં કેશ લોડિંગ દરમિયાન 5 લાખની ઉચાપત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં એટીએમમાં કેશ લોડિંગનું કામ કરતી સીએમએસ ઈન્ફો સિસ્ટમ્સ લિમિટેડ કંપનીના કર્મચારી સામે ૫ લાખની ઉચાપત અને વિશ્વાસઘાતની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઈ છે. કંપનીના બ્રાન્ચ મેનેજર લક્ષ્મણપ્રસાદ શર્માની ફરિયાદના આધારે જામનગરમાં રહેતા કાર્તિક પ્રદીપભાઈ વ્યાસ સામે ગુનો નોંધાયો છે. ઓડિટ દરમિયાન બજરંગવાડી વિસ્તારમાં આવેલા એસબીઆઈના એટીએમમાં સિસ્ટમ મુજબ ૨૦ લાખ લોડ થયેલા દર્શાવાતા હતા, પરંતુ વાસ્તવમાં ૫ લાખની ઘટ મળી આવી હતી. તપાસમાં અન્ય કોઈ એટીએમમાં વધારાની રકમ મળી ન આવતાં કાર્તિકે મોબાઈલ બંધ કરી ફરાર થઈ ગયો હતો. કંપનીએ કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપ્યા બાદ કાર્તિકે ૧.૪૦ લાખ પરત જમા કરાવ્યા હતા, જોકે બાકીના ૩.૬૦ લાખ પરત ન કરતાં પોલીસે વિશ્વાસઘાત અને ઉચાપતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### જંગલેશ્વર ડિમોલિશન મુદ્દે કોંગ્રેસના આક્ષેપ

# છેલ્લાં 10 વર્ષના રેટ કોન્ટ્રાક્ટની વિજિલન્સ તપાસ કરવાની માંગ

## 27 લાખનું બિલ ફગાવવું આવકાર્ય, પરંતુ ચૂકવાયેલા અન્ય બિલોની પણ તપાસ કરી જવાબદારો પાસેથી રિકવરી કરવાની કોંગ્રેસની માંગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**





જંગલેશ્વર ડિમોલિશન પ્રકરણને લઈને શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રી તથા પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, કોંગ્રેસ અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલા અને પૂર્વ ઉપપ્રમુખ નાગજીભાઈ વિરાણીએ મહાનગરપાલિકામાં છેલ્લા દસ વર્ષ દરમિયાન રેટ કોન્ટ્રાક્ટ હેઠળ થયેલા ખર્ચ અને બિલોની વિજિલન્સ તપાસ કરવાની માંગ કરી છે. કોંગ્રેસના આગેવાનોનો દાવો છે કે સ્ટેન્ડિંગ કમિટીએ ટેન્ડર વિના રજૂ કરાયેલ ૨૭ લાખનું બિલ ફગાવ્યું તે યોગ્ય નિર્ણય છે, પરંતુ પાણી, મંડપ, ડ્રોન, વિડિયોગ્રાફી સહિતના અન્ય ખર્ચના બિલો અગાઉ ચૂકવાઈ ચૂક્યા હોવાથી તેની પણ તપાસ થવી જોઈએ. જો ગેરરીતિ સામે આવે તો જવાબદાર અધિકારીઓ પાસેથી રકમ વસૂલ કરવી જોઈએ. આગેવાનોએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે ટેન્ડર પ્રક્રિયાનું પાલન કર્યા વિના લાખો રૂપિયાના ખર્ચના બિલો રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા છેલ્લા દસ વર્ષમાં આપવામાં આવેલા કોન્ટ્રાક્ટ અને ચુકવાયેલા બિલોની તલસ્પર્શી તપાસ કરાવી દોષિતો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.



# શનિવારે સાંજે 4 વાગે રાષ્ટ્રીય શાળા ખાતે યોજાશે સાંસ્કૃતિક લોકડાયરો

## » ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનાં સહયોગથી વિજયા ટીમાણીયાનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોકગાયિકા વિજયા કિશોર ટીમાણીયા દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરનાં આર્થિક સહયોગથી તા.૪ ને શનિવારે સાંજે ૪ કલાકે રાષ્ટ્રીય શાળા ખાતે એક સાંસ્કૃતિક લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં લોકગાયિકા વિજયા કિશોર ટીમાણીયા ઉપરાંત પ્રવિણભાઈ આહીર,દિપકરાજ ચાવડા અને દિનેશ બાલાસરા લોક સાહિત્ય,લોકગીત,ભજન વગેરેની રજુઆત કરશે જેમાં એમનું સાજિંદા ગ્રુપ સાથ આપશે અને કાર્યક્રમનું સંકલન કિશોર ટીમાણીયા એ કર્યું છે. આ કાર્યક્રમનો લાભ લેવા સર્વે સિનિયર સિટીજનોને શનિવારે બપોરે ૩.૩૦ સુધીમાં નિઃશુલ્ક પ્રવેશ મેળવી લેવા આયોજક વિજયા કિશોર ટીમાણીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# હસ્તગીરીમાં 4 ચેકડેમના જીર્ણોદ્ધારનો પ્રારંભ

## » ગીરીશભાઈ શાહના સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટનું જળસંચય અભિયાન

**સિટી ન્યૂઝ@પાલીતાણા**

રાજ્યમાં જળસંચય વધારવા અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી પાલીતાણા જિલ્લાના હસ્તગીરી (જાળીયા) ગામમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચાર મોટા ચેકડેમના જીર્ણોદ્ધાર અને વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી સમસ્ત મહાજન, મુંબઈના મેનેજિંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહના આર્થિક સહયોગથી કરવામાં આવી રહી છે.

ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થાય અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો થાય તે માટે ચેકડેમોના રિપેરિંગ, ઊંડા-ઊંચા કરવાની તેમજ નવા સ્ટ્રક્ચરોના નિર્માણનું કામ કરવામાં આવી રહ્યું છે. **"ગામનું પાણી ગામમાં અને ખેતરનું પાણી ખેતરમાં"**ના સંકલ્પને સાકાર કરવા આ અભિયાન મહત્વપૂર્ણ સાબિત થશે.

### » વરસાદી પાણીનો સંગ્રહ વધારવા અને ખેડૂતોને સિંચાઈમાં રાહત મળે તે હેતુથી કામગીરી

ગીરીગંગા પરિવાર ટ્રસ્ટે રાજ્યભરમાં ૧,૧૧,૧૧૧ જળસંચય સ્ટ્રક્ચર બનાવવાનો સંકલ્પ લીધો છે, જેમાંથી અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યા હોવાનું ટ્રસ્ટે જણાવ્યું છે.

સ્થાનિક ગ્રામજનોએ આ સેવાકીય કાર્યને આવકારી ગીરીશભાઈ શાહ અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. ચેકડેમોના કારણે ખેતી માટે સિંચાઈની સુવિધા મજબૂત બનશે, પશુધનને પીવાનું પાણી ઉપલબ્ધ થશે અને ગ્રામ્ય વિસ્તારમાં ભૂગર્ભ જળસ્તરમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.



# લાફીંગ કલબ ગ્રુપનું સ્નેહ મિલન યોજાયું

## સ્વાસ્થ્ય જાગૃતિ, કરાઓકે અને ગેમ્સ સાથે સભ્યોમાં ઉત્સાહ છવાયો ; ૧૪ લાફીંગ ક્લબના સભ્યો એક મંચ પર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લાફીંગ ક્લબ ગ્રુપરાજકોટ શહેર દ્વારા તાજેતરમાં આકાશવાણી ચોક પાસે આવેલી માસુમ સ્કૂલના પટાંગણમાં મહાસ્નેહમિલન-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજકોટ શહેરની ૧૪ લાફીંગ ક્લબના સભ્યો અને તેમના પરિવારજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. લાફીંગ ક્લબ ગ્રુપના ચેરમેન જયંતિભાઈ માંડલીયા, પ્રમુખ રમેશભાઈ અનડકટ અને મહામંત્રી અશ્વિનભાઈ પટેલે સંસ્થાની વર્ષભરની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. સમગ્ર રાજકોટની લાફીંગ ક્લબને એકત્રિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સ્વ. બાલકૃષ્ણભાઈ મકવાણાને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

આ પ્રસંગે ડો. રમેશભાઈ કોયાણી અને ડો. રસિલાબેન પટેલે સ્વાસ્થ્ય, નેચરોપેથી અને તંદુરસ્ત જીવનશૈલી અંગે માર્ગદર્શન આપ્યું હતું. સભ્યો માટે ઈમ્યુનિટી ચેકઅપની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં કરાઓકે દ્વારા ગીત-સંગીત, જ્ઞાનવર્ધક રમતો, હાઉસી, ઇનામ વિતરણ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ રમતોના વિજેતાઓને રોકડ ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા લાફીંગ ક્લબ ગ્રુપના હોદ્દેદારો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. અંતે મહામંત્રી અશ્વિનભાઈ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો.

### ૩૪મા જન્મદિવસે સ્વ. વિમલભાઈ પરમારને અનોખી શ્રદ્ધાંજલિ

# સ્વ.વિમલભાઈની સ્મૃતિમાં રક્તદાન કેમ્પમાં 207 યુનિટ રક્તદાન એકત્ર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના વિધાનસભા-૬૮ વિસ્તારમાં આવેલા આર્યનગર કોમ્યુનિટી હોલ ખાતે શહેર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ રમેશભાઈ પરમારના પુત્ર સ્વ. વિમલભાઈ પરમારના ૩૪મા જન્મદિવસ નિમિત્તે મહારક્તદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં યુવાનો, મહિલાઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓના કાર્યકરો સહિત મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લેતા કુલ ૨૦૭ યુનિટ રક્ત એકત્ર થયું હતું.

કેમ્પમાં રાજકોટના સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી,



**આર્યનગર કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા કેમ્પમાં સાંસદ પરષોત્તમ રૂપાલા, ધારાસભ્ય ઉદય કાનગડ સહિત અગ્રણીઓ ઉપસ્થિત; નિયમિત રક્તદાનનો સંદેશ**

પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા સહિત ભાજપના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સમસ્ત કોળી સમાજના આગેવાનો અને વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે રક્તદાન માનવતાનું સર્વશ્રેષ્ઠ દાન છે અને એક યુનિટ રક્ત અનેક દર્દીઓને નવું જીવન આપી શકે છે. સ્વ. વિમલભાઈની સ્મૃતિને સમાજોપયોગી સેવાકાર્ય સાથે જોડવાનો પ્રયાસ પ્રશંસનીય હોવાનું તેમણે જણાવ્યું હતું.

ધારાસભ્ય ઉદયભાઈ કાનગડે જણાવ્યું હતું કે વ્યક્તિ વિદાય લે છે, પરંતુ તેના સંસ્કારો અને સેવાકીય કાર્યો હંમેશા જીવંત રહે છે. આવા સેવાયજ્ઞો સમાજમાં કરુણા, માનવતા અને સહયોગની ભાવના મજબૂત બનાવે છે તેમ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમના અંતે રમેશભાઈ પરમારે કેમ્પને સફળ બનાવવા બદલ સ્વ. વિમલભાઈના જીગરજાન મિત્રો, ગુડ ટાઇમ્સ ફાઉન્ડેશન, વિધાનસભા-૬૮ ભાજપ પરિવાર, સમસ્ત કોળી સમાજ રાજકોટ, તમામ રક્તદાતાઓ, કાર્યકર્તાઓ, સ્વયંસેવકો, તબીબી ટીમ, સહયોગી સંસ્થાઓ અને પ્રેસ-મીડિયાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે આગામી વર્ષોમાં પણ વધુ ભવ્ય સેવાયજ્ઞો યોજી વધુને વધુ લોકોને જીવનદાન મળે તે માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અંતે ઉપસ્થિત મહાનુભાવોએ સ્વ. વિમલભાઈ પરમારને શ્રદ્ધાંજલિ અર્પણ કરી માનવસેવાના આવા કાર્યક્રમોને સતત આગળ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ત્રણ સંસ્થાઓનો વિશાળ સેવાયજ્ઞ

# ત્રણ રક્તદાન કેમ્પમાં 198 બોટલ રક્ત એકત્ર

**» સિવિલ હોસ્પિટલને 150 અને AIIMS રાજકોટને 48 બોટલ અર્પણ; ભાજપ યુવા મોરચા, ICAI રાજકોટ બ્રાન્ચ અને રોટરી ક્લબ ઓફ રાજકોટની સેવાભાવી પહેલ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ તથા AIIMS રાજકોટના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી શહેરમાં ત્રણ અલગ-અલગ સંસ્થાઓ દ્વારા વિશાળ સ્તરે રક્તદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગર ભાજપ યુવા મોરચા, ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) રાજકોટ બ્રાન્ચ તથા રોટરી ક્લબ ઓફ રાજકોટના સંયુક્ત પ્રયાસોથી કુલ ૨૭૭ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૧૦ બોટલ રાજકોટ સિવિલ બ્લડ બેન્ક અને ૬૭ બોટલ AIIMS રાજકોટને અર્પણ કરવામાં



આવી હતી.

રાજકોટ મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા યોજાયેલા કેમ્પમાં ૧૫૭ લોકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. જેમાંથી ૯૦ બોટલ રાજકોટ સિવિલ બ્લડ બેન્ક તથા ૬૭ બોટલ AIIMS રાજકોટને આપવામાં આવી હતી. ICAI રાજકોટ બ્રાન્ચના ચેરમેન CA મૌલિક બગડાઈ, સેક્રેટરી CA જયેશ ધાણેજા અને ટીમના પ્રયાસોથી યોજાયેલા કેમ્પમાં ૮૭ બોટલ રક્ત એકત્ર કરી રાજકોટ સિવિલ બ્લડ બેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે રોટરી ક્લબ ઓફ રાજકોટના પ્રમુખ જયંતભાઈ અગ્રવાલ, સેક્રેટરી મિતેશભાઈ મહેતા, પ્રોજેક્ટ ચેરમેન બ્રિજેશભાઈ સગપરીયા અને ટીમના આયોજન હેઠળ યોજાયેલા કેમ્પમાં ૩૪ બોટલ રક્ત એકત્ર કરી રાજકોટ સિવિલ બ્લડ બેન્કને આપવામાં આવ્યું હતું.

ત્રણેય કેમ્પમાં રાજકોટ પી.ડી.યુ. મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના ડોક્ટરો, ટેક્નિશિયન ટીમ તેમજ AIIMS રાજકોટના ડોક્ટરોએ રક્ત એકત્ર કરવાની કામગીરી સંભાળી હતી અને સમગ્ર પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ તમામ રક્તદાતાઓ તથા સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ દર્દીઓને નવું જીવન મળી શકે છે. તેમણે જન્મદિવસ, પુણ્યતિથિ તથા અન્ય પ્રસંગોએ પણ રક્તદાન કેમ્પ યોજી સમાજસેવામાં જોડાવા અપીલ કરી હતી. સાથે જ રક્તદાન, ચક્ષુદાન, અંગદાન, સ્કિનદાન સહિતના સેવાકાર્યો માટે ફાઉન્ડેશનનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

# રાજકોટમાં શેઠ જયંતિલાલ કુંડલિયા મેમોરિયલ કપ-2026 રીતે સંપન્ન

## ધી રાજકોટ કોમર્શિયલ કો–ઓપરેટિવ બેન્ક અને ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના સંયુક્ત આયોજનમાં 27 ટીમોની જોરદાર ટક્કર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ધી રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ અને ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન, રાજકોટના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'શેઠ શ્રી જયંતિલાલ કુંડલિયા મેમોરિયલ કપ-૨૦૨૬' ફૂટબોલ ટુર્નામેન્ટનો ઉત્સાહભેર અને ભવ્ય સમાપન થયો હતો. રેલવે લોકો કોલોની સ્થિત આધુનિક સુવિધાઓથી સજ્જ ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં અંડર-૧૪ અને અંડર-૧૭ વિભાગની કુલ ૨૭ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ ઉત્તમ રમતકૌશલ્ય, ટીમવર્ક અને રમત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. પ્રેક્ષકોની ભારે ઉપસ્થિતિ અને ઉત્સાહભેર પ્રોત્સાહન વચ્ચે રમાયેલી મેચોએ સમગ્ર વાતાવરણને રોમાંચક બનાવી દીધું હતું.






અંડર-૧૪ ફાઇનલમાં માસ્ટર FCએ YCCને ૨-૦થી હરાવી ચેમ્પિયનશિપ જીતી હતી, જ્યારે અંડર-૧૭ ફાઇનલમાં માસ્ટર FCએ TGS વાડીને ૧-૦થી પરાજય આપી ટ્રોફી પોતાના નામે કરી હતી. આમ માસ્ટર FCએ બંને વિભાગમાં ચેમ્પિયન બની ડબલ સિદ્ધિ મેળવી રાજકોટના ફૂટબોલ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી.

સમાપન સમારોહમાં વિજેતા અને રનર-અપ ટીમોને ટ્રોફી, મેડલ અને આકર્ષક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. બેન્કના સીઈઓ ડૉ. પુરુષોત્તમ પીપરીયાએ જણાવ્યું હતું કે રમતગમત યુવાનોમાં શિસ્ત, ટીમવર્ક, નેતૃત્વ અને આત્મવિશ્વાસ જેવા ગુણો વિકસાવે છે અને આવી સ્પર્ધાઓથી સ્થાનિક પ્રતિભાને યોગ્ય મંચ પ્રાપ્ત થાય છે.

ટુર્નામેન્ટના સફળ આયોજનમાં બેન્કના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા, આસિસ્ટન્ટ જનરલ મેનેજર જુલીબેન પીપરીયા તેમજ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, સેક્રેટરી રોહિત બુંદેલા સહિતના હોદ્દેદારોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સમગ્ર આયોજન સુવ્યવસ્થિત અને પારદર્શક રીતે પૂર્ણ થયું હતું.

## માર્કેટ અપડેટ્સ




### IPO DETAILS

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| KNACK PACKAGING | 01/7 | 03/7 | 161 - 170 | 88 | 14,960 |

### SME DETAILS

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| TEJA ENGINEERING INDUSTRIES | 30/6 | 02/7 | 220 | 1200 | 2,64,000 |
| ATHARVA POLYPLAST | 30/6 | 02/7 | 55 - 60 | 4000 | 2,40,000 |
| SEEMAX RESOURCES | 30/6 | 02/7 | 134 - 141 | 2000 | 2,82,000 |
| SAMPARK INDIA LOGISTICS | 30/6 | 02/7 | 80 - 84 | 3200 | 2,68,800 |
| KRATIKAL TECH | 30/6 | 02/7 | 128 - 135 | 2000 | 2,70,000 |
| VINIT MOBILE | 30/6 | 02/7 | 150 - 158 | 1600 | 2,52,800 |
| IC ELECTRICALS CO. | 03/7 | 07/7 | 94 - 99 | 2400 | 2,37,600 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ફોર્સ મોટર્સ લિ.એ જૂન, ૨૦૨૬ દરમિયાન કુલ ૩,૫૬૮ યુનિટ્સના વેચાણની નોંધણી કરી હતી, જે જૂન ૨૦૨૫માં વેચાયેલા ૨,૮૮૯ યુનિટ્સની સરખામણીમાં વાર્ષિક ધોરણે ૨૩.૫%નો વધારો દર્શાવે છે.
- આઈશર મોટર્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬ મહિનામાં કુલ ૯,૫૧૯ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે જૂન, ૨૦૨૫ મહિનામાં કુલ ૭,૩૬૩ વાહનોનું વેચાણ કર્યું હતું, જે ૨૯.૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬માં કુલ ૬૩,૦૮૩ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે જૂન, ૨૦૨૫માં ૩૭,૨૩૭ વાહનોનું વેચાણ કર્યું હતું, જે વાર્ષિક ધોરણે ૬૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- અશોક લેલેન્ડ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬ મહિનામાં કુલ ૧૭,૯૧૨ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે જૂન, ૨૦૨૫માં ૧૪,૧૮૪ વાહનોનું વેચાણ કર્યું હતું, જે ૨૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- મારુતિ સુઝુકી ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬ મહિનામાં કુલ (સ્થાનિક અને નિકાસ) ૨૦૦,૩૯૦ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે જૂન, ૨૦૨૫માં ૧૬૭,૯૯૩ વાહનોનું વેચાણ કર્યું હતું.
- બર્જર પેઈન્ટ્સ ઈન્ડિયા લિ.ની ૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬માં કુલ ૫૧,૩૩૫ યુનિટ્સનું વેચાણ કર્યું છે, જેમાં ૩૯,૬૩૫ યુનિટ્સના સ્થાનિક વેચાણ અને ૧૧,૭૦૦ યુનિટ્સ નિકાસનો સમાવેશ થાય છે.
- ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી લિ.એ જણાવ્યું છે કે કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૪૩,૭૧૯ વાહનો નોંધાવ્યા છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૨૨,૨૫૨ વાહનોથી બમણા છે.
- મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬માં વાર્ષિક ધોરણે ૩૭ ટકાની વૃદ્ધિ સાથે કુલ ૧,૦૬,૨૦૭ વાહનોનું વેચાણ કર્યું છે, જેમાં નિકાસ આંકડા સામેલ છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે–વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**